સૌરાષ્ટ્ર આસપાસ

# ભારત યુએસની ચૂંટણી સિસ્ટમ પર ચાઇના એટેક કરી શકે છે

૨૦૨૪માં વિશ્વના ઘણા દેશોમાં ચૂંટણી યોજાઈ રહી છે ખાસ કરીને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં પણ ચૂંટણી યોજવામાં આવી રહી છે વિશ્વની અંદર ભારતનું સૌથી મોટું ચૂંટણીનું તંત્ર ગોઠવાઈ ચૂક્યું છે આવી જ રીતે અમેરિકામાં પણ પ્રમુખ પદની ચૂંટણી યોજવાની છે અમેરિકા વિશ્વની સૌથી જૂની લોકશાહી છે અને ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે આ બંને દેશની લોકશાહીની ચૂંટણીમાં ચીન વિઘ્ન નાખવા માટે સજ્જ થયું છે ખાસ કરીને તે સાયબર એટેકથી માંડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ ની મદદ લઈને ભારત અને અમેરિકાની ચૂંટણીને ડિસ્ટર્બ કરવા માટે ષડયંત્ર કરી રહ્યું છે ભારતમાં ચૂંટણીનો માહોલ જમતો જાય છે બીજી બાજુ ચીનમાં આમાં ડખો કરવા માટે સાયબર નિષ્ણાંતો તનતોડ મહેનત કરી રહ્યા છે જેથી ભારતને અમેરિકામાં અસ્થિરતા ફેલાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ દ્વારા અને પ્રકારના સાચા ખોટા ડેટા જનરેટ કરી શકાય છે ભારતની વસ્તી અને મતદારોની સંખ્યા બાબત ની અંદર મોટા ગરબડ ગોટાળા પણ કરી શકાય છે આવી જ રીતે મતદાન કરવાના એવીએમ મશીનને પણ ડેમેજ કરી શકાય છે આ મશીનને ફિઝિકલી નહીં પરંતુ તેના ઇન્ટરનેટ સાથે જોડાયેલા સોફ્ટવેરને ડેમેજ કરી શકાય છે ચીન તેમાં વાયરસ પણ મોકલી શકે છે આવા વાયરસ ડિજિટલ વાયરસ કહેવાય છે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટમાં જે વાયરસ ફેલાય છે તે વાયરસ ડિજિટના રૂપમાં હોય છે જ્યાં આપમેળે દ્વૈૹૈૢૺ(અ પણ થઈ શકે છે અને ડેટાને કરપટ કરે છે જ્યારે માણસના શરીરમાં રોગ રૂપે જે વાયરસ આવે છે તે વાયરસને પેથોલોજીકલ વાઈરસ કહેવામાં આવે છે દાખલા તરીકે કોરોના ના વાયરસ શરદી ના વાયરસ ટીબીના વાઇરસ આ બધા વાયરસ ડિજિટલ નથી પણ પેથોલોજીકલ છે જે જીવંત હોય છે જ્યારે ડિજિટલ વાયરસ જીવંત હોતા નથી પરંતુ તે એક્ટિવ હોય છે ગતિશીલ હોય છે અને તે મૂળ ડેટા ની અંદર ભળી જઈને ગરબડ ગોટાળા પણ કરી શકે છે પેથોલોજીકલ વાઇરસ કરતા ડિજિટલ વાયરસ અતિ વ્યાપક પ્રમાણમાં સ્પ્રેડ થઈ શકે છે. હવા સાયબો રેટેકમાં પણ હવે મોટી ટેકનોલોજી આવી ગઈ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન દ્વારા આ કામ ખૂબ ઝડપથી અને ઓટોમેટિકલી થઈ શકે એમ છે ભારત અને અમેરિકાના સાઈબર સિક્યુરિટીના નિષ્ણાંતો ચીનના સંભવિત હુમલા સામે સજ્જર થઈ રહ્યા છે ભારતના બીજા રાજ્યોમાં ચૂંટણીનો જંગ જમતો જાય છે પરંતુ ગુજરાતમાં પ્રચાર ઓછો અને વાદવિવાદ અપરંપાર જેવી સ્થિતિ સર્જાતી જાય છે.

ગુજરાતમાં જ્ઞાતિઓ જાતિઓ તેમજ વિવિધ પ્રકારના સંગઠનો વચ્ચેના વિવાદો વધુ છે જોકે વિવાદો તો દરેક રાજ્યમાં ઓછા વત્તા પ્રમાણમાં હોય જ છે પરંતુ ગુજરાતની અંદર ચૂંટણીનો પ્રચાર ઓછો પણ વાદવિવાદ વધતા જાય છે બીજી બાજુ કોંગ્રેસના સારા સારા નેતાઓ ભાજપમાં સામેલ થઈ જતા કોંગ્રેસ માટેની મુશ્કેલીઓ વધતી જાય છે જ્યારે ભાજપ તો કોઈ પણ ક્ષણે ચૂંટણી જંગમાં ચૂકવવા માટે સજ્જ છે ત્યારે ચીન અદશ્ય રીતે દખલગીરી કરવાના કાવતરા કરી રહ્યું છે તે સાઇબર એટેક કરશે.

# ખાનદાની - વફાદારી : માલિક - મજૂર

**ચાર ચાર પેઢીથી એક ગિરાસદાર પરિવાર અને તેને ત્યાં કામવાળા તરીકે એટલી જ પેઢીથી સેવા આપનાર મજૂર પરિવારનો વૃદ્ધ માણસ એકલો પડી ગયો ત્યારે તેની જીવલેણ બિમારી વખતે ગિરાસદાર પરિવાર તેની પડખે રહીને તેને બેઠો કરી દે છે**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

ખેડૂત ગિરાસદાર જાલમસંગને ત્યાં એવી તો રિયાસત કે ગાયો ભેંસોનાં ધણ અને બળદોની બે જોડ તથા ઘોડી, વાડી, ખેતર અને સીમની પૂરેપૂરી મિલકત છે. એનાં વાડી-ખેતરમાં કામ કરનારા માણસો અને ઘરે દરબારગઢમાં એના મજૂર માણસોનાં બૈરાં ને છોકરાંઓ આખો દી કામ કર્યા કરે. એને ત્યાં કામ કરનારા માણસો બધાં ગરીબ ઘરનાં એટલે અહીં એ સૌનું ગુજરાન નભતું. જાલમસંગ બાપુનો દેવ જેવો સ્વભાવ એટલે એની વાડીમાં, ખેતરમાં, એની સીમમાં, એના ડુંગરમાં ભેંસો ને ગાયો તથા બળદ ઘોડાને સાચવનારા ચાર પાંચ કુટુંબોની રોજી રોટી મળતી.

આ જાલમસંગ બાપુના પરિવારની ચાર પેઢી વીતી ગઈ. એને ત્યાં કામ કરનારા પરિવારોની પણ ચાર પેઢી પસાર થઈ ગઈ હતી. સમયે કરવટ બદલ્યું. કાળક્રમે દરબારની રિયાસત ઓછી થવા માંડી. એને ત્યાં કામ કરનારા પરિવારો એક પછી એક, એમ આ ગામડું છોડીને શહેર ભણી ઉછાળા ભરી ગયા. એક કુટુંબમાંથી એક સાઈઠ વર્ષની ઉંમરનો માણસ,જે આ ખોરડું છોડવા માંગતો ન હતો. એણે તો જે ધણી ધાર્યો એ જ સાચો. હવે એને બીજો કોઈ ધણી ન કરવો એવી ભાવના સાથે જાલમસંગ બાપુનું કુટુંબ છોડ્યું નહીં. આખરે તો તેના પરિવારમાં આ ગામડે કોઈ ન રહ્યું. એના ઘરવાળા પણ સ્વર્ગે સીધાવ્યા. એના છોકરાઓ મોટા થયા એટલે શહેર ભણી સ્થળાંતર કરી ગયા. અહીં આ એક બુઢો આખો દી બાપુનાં ખેતરવાડી અને ગઢનું વૈતરું કર્યા કરે છે.

દરબારગઢના વીઘા એક ફળિયાની વચ્ચે એક ઊંચું નાળિયેરીનું ઝાડ છે.તેની આસપાસ આખો દિવસ આ ફળિયે બુઢો માણસ કામ કર્યા કરે.એક દિવસ સાંજના ટાણે એને થયું કે નાળિયેરી એટલી બધી ઊંચી અને એના ઉપર સાત આઠ નાળિયેર પાકીને ટબા થઈ ગયાં છે. જાલમસંગ બાપુના ચોથી પેઢીના સંતાનોને આ નાળિયેરનું પાણી પાવા માટે હવે નાળિયેરી ઉપર ચડે એવું કોઈ નહોતું. એટલે પોતે હિંમત કરીને ધીમે ધીમે ધીમે નાળિયેરી ઉપર ચડ્યો. નાળિયેર તોડવામાં એના હાથ ટૂંકા પડે એટલે નાળિયેરીના ઉપરના થડિયે પોતાના બન્ને પગની આંટી વાળીને બે હાથે નાળિયેર તોડવા પ્રયત્ન કરતો રહ્યો.અચાનક એના હાથ અને પગ છૂટી ગયા. તે સીધો નાળિયેરીના મૂળ પાસે ક્યારામાં આવીને પટકાઈ પડ્યો.

ફળિયામાં ધબાકો સાંભળીને જાલમસંગ બાપુની ચોથી પેઢીના વારસદાર યુવાને દોડતાં આવીને જોયું તો એ કોથળાની જેમ નાળિયેરીના થડ પાસે પડ્યો હતો. એનો જીવ સલામત હતો. તેને બેઠો કરવા પ્રયત્ન કર્યો પણ એણે કહ્યું કે, ' બાપુ ! મારી કેડ ભાંગી ગઈ હોય એવું લાગે છે. '

આ ઉંમરે હાડકાં બરડ થઈ જવાથી કેલ્શિયમ ઘટી ગયું હોય અને ભાંગતૂટ થયા પછી સાજા થવામાં વાર તો લાગે જ. તેને બેઠો કરીને જાણ્યું તો તેના થાપાનું હાડકું ભાંગી ગયું હતું. એટલે એને જોળીમાં નાખીને જાલમસંગ બાપુના વારસદારે એને ધીમે ધીમે પોતાના ફોરવીલમાં સૂવડાવ્યો. શહેરમાં સરકારીને બદલે પ્રાઇવેટ દવાખાનામાં દાખલ કર્યો. ઓર્થોપેડિક સર્જને ઓપરેશન કરવા માટેની ફી રૂપિયા એંસી હજાર કીધા. આ તો જાલમસંગ બાપુનો પરિવાર ! ચાર ચાર પેઢીથી જેણે દરબારગઢથી માંડીને ખેતર-વાડી ને માલઢોર સહિત અહીંની આખી રિયાસતમાં સેવા કરી છે,એવો આ માણસ આજે ભાંગી પડ્યો. એની વૃદ્ધાવસ્થાએ પોતાના આખા પરિવારમાંથી કોઈ આ ગામમાં રહ્યું નથી. જેણે પોતે એકલા પંડ્યે આ દરબારનું ધણીપણું છોડ્યા વગર વફાદારી નિભાવી છે. તેને આત્યારે આ જાલમસંગ બાપુના ખાનદાને એંસી હજાર જેટલી ફી ભરીને ઓર્થોપેડિક સર્જનનું બીલ ચૂકવી દીધું



.એના પગે થાપાના હાડકાનું ઓપરેશન કરાવી આ દરબારના યુવકે એક મહિના સુધી પોતાના ગઢમાં રાખીને તેની સેવા કરી. એ માણસ હાલતો ચાલતો થયો એટલે વાડીમાં એને રહેવાની વ્યવસ્થા કરી આપી . એના કપડાંલતા, ખાવુંપીવું અને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ બાપુના પરિવારે પૂરી પાડી છે. વૃદ્ધાવસ્થા સુધી એને રોટલો પૂરો પાડ્યો છે. આમ એ માણસને પોતાના સંતાનો શહેરમાં લઈ જઈને સુખી ન કરે એવું સુખ આ ખાનદાન પરિવારે આપ્યું છે. એ વૃદ્ધ માણસ બેઠો થઈ ગયો. દરબાર પરિવારે એની પૂરેપૂરી કાળજી લેવાની ચાલું રાખી. વળી, એ માણસે પોતાના માલિક-ધણીના ગઢથી વાડી સુધીનું કામ ઉપાડી લીધું. આ વાતને તો વર્ષો વીત્યાં પણ એ માલિક અને મજૂરમાં રહેલ અરસપરસની ખાનદાની કે વફાદારીનાં મૂલ એટલાં ઊંચા કે હજી આજેય એ વાત ભૂલાતી નથી.

# દુનિયાનો સૌથી મોટો કેમેરો તૈયાર




અંતરીક્ષના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી મોટો ડિજિટલ કેમેરા બનાવ્યો છે. આ કેમેરા ૩૨૦૦ મેગાપિક્સલનો છે. 'લેગસી સર્વે ઓફ સ્પેસ એન્ડ ટાઈમ' કેમેરાને ચિલીમાં હાજર રુબિન ઓબ્ઝર્વેટરીના સિમોની સર્વે ટેલિસ્કોપમાં લગાવવામાં આવશે.

આ કેમેરા નાની કારના આકારનો છે. તેનું વજન ૩૦૦૦ કિલોગ્રામ છે. તેનો આગળનો લેન્સ ૧.૫ મીટર એટલે લગભગ ૫ ફીટના વ્યાસનો છે. જ્યારે, બીજો લેન્સ ૩ ફીટ પહોળો છે. આ બંને લેન્સને ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા વેક્યુમ ચેમ્બરમાં સેટ કરવામાં આવ્યો છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી ઓફિસ ઓફ સાયન્સ દ્વારા ખગોળશાસ્ત્રીય તકનીકમાં મહત્ત્વપૂર્ણ એવા એલએસએસટી કેમેરાને બનાવવા માટે યોગદાન આપવામાં આવ્યું છે. બ્રહ્માંડના રહસ્યો ઉજાગર કરવાની ક્ષમતા ધરાવતા આ કેમેરાને બનાવવામાં વૈજ્ઞાનિકોને ૨૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. વૈજ્ઞાનિકોને ભરસો છે કે, આ કેમેરા અંતરીક્ષની એચડી તસવીર લેવા સક્ષમ છે. આ કેમેરા કોસમોસની વિગતો મેળવવાની સાથે ડાર્ક મેટર, ડાર્ક એનર્જી, આકાશગંગા અને સૌરમંડળનો અભ્યાસ કરવા મદદ કરશે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના પ્રોફેસરજેલ્કો ઈવેજિકના જણાવ્યા અનુસાર, આ કેમેરા અંતરીક્ષની નવી ફિલ્મો બનાવવાની સાથે સુંદર તસવીરો લેશે.

# મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જીઆઈ ટેગ

વિશેષ

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના નાના શહેર મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન (જીઆઈ) ટેગ મળ્યો છે. આ પ્રદેશ સંગીતનાં સાધનો બનાવવાની કારીગરી માટે જાણીતો છે. ઉત્પાદકોએ દાવો કર્યો હતો કે આ સાધનો મિરજમાં બનાવવામાં આવે છે અને શાસ્ત્રીય સંગીતના કલાકારો તેમજ ફિલ્મ ઉદ્યોગના જાણીતા કલાકારોમાં તેની ભારે ડિમાન્ડ હોય છે.


ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પાદિત પ્રોડક્ટને જીઆઈ ટેગ મળે છે અને આ ઉત્પાદનના વ્યાવસાયિક મૂલ્યમાં વૃદ્ધિ કરે છે. સંગીતના આ સાધનોના નિર્માતાઓએ જણાવ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરા બનાવવાની પરંપરા ૩૦૦ વર્ષથી વધુ જૂની છે. સાત પેઢીઓથી વધુ સમયથી કારીગરો આ તંતુવાદ્યો બનાવે છે.

૩૦ માર્ચના રોજ ભારત સરકારની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસે સિતાર માટે મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને તાનપુરા માટે સોલ્યુટ્યુન મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ પ્રોડ્યુસર ફર્મને જીઆઈ ટેગ આપ્યો હતો. મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ક્લસ્ટરના પ્રમુખ મોહસિન મિરજકરે જણાવ્યું હતું કે તેઓ શહેરમાં સિતાર અને તાનપુરાના બંને ઉત્પાદકો માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે તેમની સંસ્થામાં ૪૫૦ થી વધુ કારીગરો સિતાર અને તાનપુરા સહિતના સંગીતનાં સાધનો બનાવે છે. તેમણે કહ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરાની ખૂબ માગ છે, પરંતુ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ મર્યાદિત સંસાધનોને કારણે માગ પૂરી કરી શકાતી નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મિરજ નિર્મિત હોવાનો દાવો કરતા સંગીતનાં સાધનો દેશના ઘણા ભાગોમાં વેચાય છે. જ્યારે અમને આ અંગે ફરિયાદો મળવા લાગી, ત્યારે અમે ઇન્સ્ટ્રુમેન્ટ માટે જીઆઈ ટેગ મેળવવાનું નક્કી કર્યું અને ૨૦૨૧માં તેના માટે અરજી કરી હતી.

# લાઈટ પોલ્યુશનની ભયાનક અસર

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

**કૃત્રિમ પ્રકાશ સામે આવી જતા દરિયા માર્ગે દૂર દૂરથી આવતા યાયાવર પક્ષીઓ ભટકાઈને મૃત્યુ પામે છે અથવા તેમના ઊર્જા અનામતનો મોટો જથ્થો ગુમાવે છે અને થાકી જાય છે ઉડી શકતા નથી આથી તે દરિયામાં અથવા જમીન પર પડીને મૃત્યુ પામે છે દાખલા તરીકે, ઉત્તર સમુદ્રમાં આવું બને છે, જ્યાં નિશાચર રીતે સ્થળાંતર કરતા પક્ષીઓની સંખ્યા ઘણી ઓફશોર પ્લેટફોર્મ્સ તરફ આકર્ષાય છે અને તેની સાથે ભટકાઈને મૃત્યુ પામે છે**



પોલ્યુશન માત્ર હવાનું પાણીનું કે વાયુનું જ નથી થતું પરંતુ લાઇટ એટલે પ્રકાશનું પણ પોલ્યુશન થાય છે જેને લાઈટ પોલ્યુશન કહેવામાં આવે છે આ લાઈટ પોલ્યુશનને કારણે જે અસરો થાય છે તે માની ન શકાય તેવી ભયંકર છે અચાનક જળહળથી ફ્રોડ લાઈટોને કારણે માણસની આંખો અજાય છે તે જ રીતે પક્ષીઓ પ્રાણીઓની આંખો પણ જાય છે થોડીવાર માટે તેને દેખાતું બંધ થાય છે અને તે મિસ ગાઈડ થઈ જાય છે દિશા ભૂલી જાય છે અને આકાશમાં ઉડતા પક્ષીઓ બિલ્ડીંગ સાથે કે અન્ય કોઈ ટાવર સાથે ભટકાઈને નષ્ટ થાય છે

ભાવનગરમાં કુંભારવાડે આવેલા પીજીવીએસએલના ઊંચા ટાવર સાથે અને તેના વાયર સાથે ભટકાઈને અસંખ્ય પક્ષીઓ કે જેવો દૂર દૂરથી ઉડીને આવે છે તેના મરણ પામવાના અનેક ઘટનાઓ બને છે પરંતુ માત્ર ભાવનગરના નહીં પણ ગુજરાતના પર્યાવરણ પ્રેમીઓ આ બાબતમાં કોઈપણ જાતની જાગૃતિ દાખવતા નથી તે આપણા માટે સારી બાબત નથી. અબજો વર્ષોથી, તમામ જીવન પૃથ્વીની દિવસ અને રાત્રિની ઘટમાળ રોજ જુએ છે અને તેને અનુરૂપ તે પોતાના જીવનને અને મનને એડજસ્ટ કરે છે

અને પ્રાણીઓના ડીએનએમાં એન્કોડેડ છે. માણસોએ રાત્રીના પ્રકાશ દ્વારા આ ચક્રને ધરમૂળથી ખરાબ કરી નાખ્યું છે.

છોડ અને પ્રાણીઓ પ્રજનન, પોષણ, ઊંઘ અને શિકારીથી રક્ષણ જેવા જીવન ટકાવી રાખવાની વર્તણૂકોને સંચાલિત કરવા માટે પૃથ્વીના પ્રકાશ અને અંધારાના દૈનિક ચક્ર પર આધાર રાખે છે.

વૈજ્ઞાનિક પુરાવા સૂચવે છે કે રાત્રે કૃત્રિમ પ્રકાશ ઉભયજીવીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, જંતુઓ અને છોડ સહિત ઘણા જીવો પર નકારાત્મક અને ઘાતક અસરો કરે છે. આવી જ રીતે કૃત્રિમ લાઇટ્સ વિશ્વની ઇકોસિસ્ટમને વિક્ષેપિત કરે છે

નિશાચર પ્રાણીઓ દિવસ દરમિયાન ઊંઘે છે અને રાત્રે સક્રિય હોય છે. પ્રકાશ પ્રદૂષણ રાતને દિવસમાં ફેરવીને તેમના રાત્રિના વાતાવરણમાં ધરમૂળથી ફેરફાર કરે છે. સંશોધન વૈજ્ઞાનિક ક્રિસ્ટોફર કાયબાના જણાવ્યા મુજબ, નિશાચર પ્રાણીઓ માટે "કૃત્રિમ પ્રકાશનો પરિચય સંભવતઃ મનુષ્યોએ તેમના પર્યાવરણમાં કરેલા સૌથી તીવ્ર ફેરફારને રજૂ કરે છે."

"શિકારીઓ શિકાર માટે પ્રકાશનો ઉપયોગ કરે છે, અને શિકારની પ્રજાતિઓ અંધકારનો ઉપયોગ કવર તરીકે કરે છે," કાયબા સમજાવે છે. "શહેરોની નજીક, વાદળછાયું આકાશ ૨૦૦ વર્ષ પહેલાં કરતાં સેંકડો અથવા તો હજારો ગણું વધુ તેજસ્વી છે. નિશાચર ઇકોલોજી પર આની શું ગંભીર અસર પડી છે તે અમે શીખવાનું શરૂ કર્યું છે."

કૃત્રિમ લાઇટોમાંથી ઝગઝગાટ ભીની જમીનના આવાસોને પણ અસર કરી શકે છે જે દેડકા અને દેડકા જેવા ઉભયજીવીઓનું ઘર છે, જેમની રાત્રિના સમયે ક્રોકિંગ એ સંવર્ધન વિધિનો એક ભાગ છે. કૃત્રિમ લાઇટ્સ આ નિશાચર પ્રવૃત્તિને વિક્ષેપિત કરે છે, પ્રજનનમાં દખલ કરે છે અને વસ્તી ઘટાડે છે.

"જ્યારે આપણે પર્યાવરણમાં પ્રકાશ ઉમેરીએ છીએ, ત્યારે તે લેન્ડસ્કેપ કેન પર બુલડોઝર ચલાવવાની જેમ રહેઠાણને વિક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવે છે." કૃત્રિમ લાઈટો દરિયાઈ કાચબાને તેમના મૃત્યુ તરફ દોરી શકે છે હેચલિંગ લોગરહેડ દરિયાઈ કાચબો સલામતી તરફ સમુદ્ર તરફ જવાને બદલે માનવ નિર્મિત લાઇટને અનુસરીને અંદર તરફ વળે છે. (ફોટો ક્રેડિટઃ બ્લેર વિથરિંગ્ટન) દરિયાઈ કાચબા સમુદ્રમાં રહે છે પરંતુ બીચ પર રાત્રે ઉછરે છે. બચ્ચાઓ સમુદ્ર પરની તેજસ્વી ક્ષિતિજને શોધીને સમુદ્ર શોધે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને સમુદ્રથી દૂર ખેંચે છે. એકલા ફ્લોરિડામાં દર વર્ષે લાખો બચ્ચાઓ આ રીતે મૃત્યુ પામે છે. કૃત્રિમ લાઇટની ઘણી પક્ષીઓની પ્રજાતિઓ પર વિનાશક અસર પડે છે

પક્ષીઓ જે રાત્રે સ્થળાંતર કરે છે અથવા શિકાર કરે છે તે મૂનલાઇટ અને સ્ટારલાઇટ દ્વારા શોધખોળ કરે છે. કૃત્રિમ પ્રકાશ તેમને માર્ગથી દૂર અને શહેરોના રાત્રિના સમયે ખતરનાક લેન્ડસ્કેપ્સ તરફ ભટકવાનું કારણ બની શકે છે. દર વર્ષે લાખો પક્ષીઓ બિનજરૂરી રીતે પ્રકાશિત ઇમારતો અને ટાવર સાથે અથડાતા મૃત્યુ પામે છે. સ્થળાંતર કરનારા પક્ષીઓ યોગ્ય સમયબદ્ધ મોસમી સમયપત્રકના સંકેતો પર આધાર રાખે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને ખૂબ વહેલા અથવા ખૂબ મોડેથી સ્થળાંતર કરી શકે છે અને માળો બાંધવા, ઘાસચારો અને અન્ય વર્તણૂકો માટે આદર્શ આબોહવાની પરિસ્થિતિઓને ચૂકી શકે છે.

તેમની ઇકોલોજીકલ ભૂમિકા ઉપરાંત, ફાયરફ્લાય બાળકો અને પુખ્ત વયના લોકો માટે આશ્ચર્ય અને આનંદનો સ્ત્રોત છે.

ઘણા જંતુઓ પ્રકાશ તરફ ખેંચાય છે, પરંતુ કૃત્રિમ લાઇટ જીવલેણ આકર્ષણ પેદા કરી શકે છે. ઘટતી જંતુઓની વસ્તી ખોરાક અથવા પરાગનયન માટે જંતુઓ પર આધાર રાખતી તમામ પ્રજાતિઓ પર નકારાત્મક અસર કરે છે. કેટલાક શિકારી તેમના ફાયદા માટે આ આકર્ષણનો ઉપયોગ કરે છે, અણધારી રીતે ખોરાકના જાળાને અસર કરે છે.

# એન્ટાર્કટિકામાં ભારતે ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી

## ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે

નવીદિલ્હી

ઈન્ડિયા પોસ્ટે તેના ઐતિહાસિક પ્રયાસના ભાગરૂપે દક્ષિણ ધ્રુવ નજીક બર્ફીલા ખંડ એન્ટાર્કટિકામાં તેની ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી છે. ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે. એન્ટાર્કટિકામાં ભારતના સંશોધન સ્ટેશનનું નામ 'ભારતી સ્ટેશન' છે. તેની શરૂઆત મહારાષ્ટ્ર સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ વેબ લિંક દ્વારા કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ જણાવ્યું હતું કે ભારતે એન્ટાર્કટિકામાં દક્ષિણ ગંગોત્રી સ્ટેશનમાં તેની પ્રથમ પોસ્ટ ઓફિસ ખોલી હતી. અને બીજી પોસ્ટ ઓફિસ ૧૯૯૦માં મૈત્રી સ્ટેશનમાં ખોલવામાં આવી હતી અને હવે ૫ એપ્રિલે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવામાં આવી છે. સૌથી રસપ્રદ બાબતએ છે કે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવા માટે ૫ એપ્રિલ શા માટે પસંદ કરવામાં આવી છે. વાસ્તવમાં, ૫ એપ્રિલ એ નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) નો ૨૪મો સ્થાપના દિવસ હતો. એન્ટાર્કટિકામાં ખોલવામાં આવેલી નવી પોસ્ટ ઓફિસને પ્રાયોગિક ધોરણે પિનકોડ MH-1718 આપવામાં આવ્યો છે, જે નવી શાખાઓ ખોલવા માટેના નિયમો અનુસાર છે.

એન્ટાર્કટિકા ઓપરેશન્સના ગ્રુપ ડાયરેક્ટર શૈલેન્દ્ર સૈનીએ કહ્યું કે આ સાંકેતિક છે પરંતુ તેમ છતાં આ પ્રયાસ એક માઈલસ્ટોન છે. આપણા વૈજ્ઞાનિકો પાસે સોશિયલ મીડિયા છે પરંતુ તેઓ આ ધીમી ગતિના માધ્યમ દ્વારા તેમના પરિવાર સાથે જોડાયેલા રહે છે. આ એ સમય છે જ્યારે લોકોએ પત્ર લખવાનું બંધ કરી દીધું છે, આવા સમયમાં લોકોને એન્ટાર્કટિકાના સ્ટેમ્પવાળા પત્રો મળી રહ્યા છે. અમે વર્ષમાં એકવાર બધા પત્રો એકત્ર કરીશું અને પછી ગોવામાં અમારા હેડક્વાર્ટરમાંમાં મોકલીશું. અહીંથી વૈજ્ઞાનિકોના પરિવારજનોને પત્રો મોકલવામાં આવશે.

# ચેન્નઈએ હોમ ગ્રાઉન્ડ પર સતત ત્રીજી મેચ જીતી

## કોલકાતાને ૭ વિકેટથી હરાવ્યું : ગાયકવાડની ફિફ્ટી



ઋતુરાજ ગાયકવાડે ફિફ્ટી ફટકારી હતી. તેણે ૬૭ રન બનાવ્યા હતા.

મુંબઈ,

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સે ત્રીજી મેચ જીતી લીધી છે. ટીમે હોમ ગ્રાઉન્ડ પર ત્રણેય મેચ જીતી હતી, આ વખતે CSKએ કોલકાતા નાઈટ રાઈડર્સને ૭ વિકેટે હરાવ્યું હતું. KKRની ૧૭મી સિઝનમાં આ પહેલી હાર છે, આ પહેલાં ટીમે સતત ૩ મેચ જીતી હતી.

CSKએ સોમવારે ચેપોક સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૩૭ રન બનાવ્યા હતા. CSK તરફથી રવીન્દ્ર જાડેજા અને તુષાર દેશપાંડેએ ૩-૩ વિકેટ લીધી હતી. ચેન્નઈએ ૧૮મી ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. ટીમના કેપ્ટન

# ૫૪ વર્ષ બાદ જોવા મળેલા સૌથી લાંબા સૂર્યગ્રહણનો હતો અદ્ભૂત નજારો

## મેક્સિકો, યુએસ અને કેનેડામાં આકાશમાં અંધારું છવાઈ ગયું

મેક્સિકા

વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ પૂર્ણ થઈ ગયું છે. આ સૂર્યગ્રહણ રાત્રે ૦૯.૧૨ વાગ્યે શરૂ થયું અને ૦૨.૨૨ વાગ્યે સમાપ્ત થયું. આ રીતે આ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૫ કલાક ૧૦ મિનિટનો હતો. આ સૂર્યગ્રહણ સોમવતી અમાવસ્યાના દિવસે થયું.

ઉત્તર અમેરિકામાં સંપૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળ્યું. તેનો સમય પણ ચાર મિનિટથી વધુ હતો. આ દરમિયાન મોટા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો. નાસાએ સૂર્યગ્રહણનો વીડિયો જાહેર કર્યો છે. આ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ પૂર્ણ થઈ ગયું છે. સૂર્યની શક્તિઓને નબળી પાડતું આ ગ્રહણ સોમવતી અમાવસ્યાના દિવસે થયું હતું. તે સંપૂર્ણ સૂર્યગ્રહણ હતું.

સોમવારે ઉત્તર અમેરિકામાં સંપૂર્ણ સૂર્યગ્રહણને કારણે મેક્સિકો, યુએસ અને કેનેડામાં આકાશમાં અંધારું છવાઈ ગયું. નાસાએ ઉત્તર અમેરિકામાં દેખાયેલા સંપૂર્ણ સૂર્યગ્રહણનો વીડિયો જાહેર કર્યો છે. સંપૂર્ણ સૂર્યગ્રહણ કેટલાક સ્થળોએ ૪ મિનિટ, ૨૮ સેકન્ડ સુધી ચાલ્યું હતું.



# દિશા પટણી શૂટિંગ દરમિયાન દરિયા કિનારે ધ્રૂજતી ઠંડીમાં રડતી જોવા મળી

મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટણી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે તેની ડેટ નાઈટથી લઈને તેની ફિલ્મોના અપડેટ્સ ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની આગામી ફિલ્મના શૂટિંગની ઘણી ઝલક ચાહકો સાથે શેર કરી છે. અભિનેત્રી દિશા પટાનીએ ઈટાલીમાં તેની આગામી સાયન્સ ફિક્શન 'કલ્કી ૨૮૯૮ એડી'ના ચાલી રહેલા શૂટિંગના કેટલાક ફોટા અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેના કો-સ્ટાર પ્રભાસ પણ જોઈ શકાય છે. દિશાના ઈન્સ્ટાગ્રામ પર ૬૧.૧ મિલિયન ફોલોઅર્સ છે. તેણે આ ફોલોઅર્સને ઈટાલીમાં ફિલ્મના શૂટ શેડ્યૂલની ઝલક બતાવી છે. આ તસવીરો શેર કરતી વખતે દિશા પટાનીએ કેપ્શનમાં લખ્યું કે, 'ઈટલીની તસવીરો ફેંકી દો... કલ્કિ, આ તસવીરો ઈ.સ. ૨૮૯૮ની છે.'

દિશાએ ઈન્સ્ટાગ્રામ પર ફોટા અને વીડિયોની શ્રેણી પોસ્ટ કરી છે. પહેલા વિડિયોમાં દિશા ડાર્ક પર્પલ બ્લેક્રેટમાં લપેટીને બીચ પર ઠંડી પવનમાં ગણગણાટ કરતી જોવા મળે છે. તેની હાલત લગભગ રડવા જેવી છે. તે સ્પષ્ટ છે કે અભિનેત્રી ઠંડી વચ્ચે ખૂબ જ મહેનત કરી રહી છે.





# અદા શર્માએ એ એપાર્ટમેન્ટ ખરીદ્યું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંતસિંહ રાજપૂત રહેતો હતો

મુંબઈ,

અદા શર્માને ધ કેરલા સ્ટોરી માટે ઘણી તાળીઓ મળી હતી. આ ફિલ્મે ટિકિટ બારી પર સારો બિઝનેસ કર્યો હતો. ફિલ્મ સુપરહિટ થયા પછી, અભિનેત્રીએ કથિત રીતે એ એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂત રહેતો હતો. આ સમાચાર સામે આવ્યા બાદ અદા હેડલાઈન્સમાં આવી ગઈ હતી.

તાજેતરમાં તે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વિશે વાત કરતી જોવા મળી હતી. અદાએ કહ્યું, "હું લોકોના દિલમાં રહું છું, હું અત્યારે એટલું જ કહેવા માંગુ છું." કંઈપણ વિશે બોલવાનો યોગ્ય સમય છે." તેણીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણીએ સ્થળની મુલાકાત લીધી ત્યારે તે મીડિયાની પ્રતિક્રિયાથી ચોંકી ગઈ હતી અને અભિભૂત થઈ ગઈ હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે તેણી તેના અંગત જીવનમાં લાઈમલાઈટથી દૂર રહે છે. અને તે તેને પસંદ કરે છે. તેમની ફિલ્મો દ્વારા લોકોની નજર.

જ્યારે સુશાંત સિંહ રાજપૂતના એપાર્ટમેન્ટના ઓનલાઈન વેચાણના સમાચાર સામે આવ્યા, ત્યારે અદા શર્મા તેના વિશે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓથી દુઃખી થઈ ગઈ. તેને લાગ્યું કે જે હવે નથી તેના વિશે વાત કરવી ખોટું છે. આ વિશે વાત કરતાં તેણે કહ્યું, "મને લાગ્યું કે આટલી સુંદર ફિલ્મો આપનાર વ્યક્તિ હવે આ દુનિયામાં નથી, તેથી તેના વિશે આવી વાત કરવી યોગ્ય નથી. તે એવા અભિનેતા હતા જેમના માટે મને ખૂબ જ સન્માન છે.

# બ્રિટનની પ્રથમ ટર્કિશ મસ્જિદ બંધ થવાના આરે

બ્રિટન,

બ્રિટનની પ્રથમ તુર્કી મસ્જિદ બંધ થવાના આરે છે. મસ્જિદ ઈન્તેજામિયા પાસે ડેલ્સ્ટન, ઉત્તર-પૂર્વ લંડનમાં મસ્જિદ રમઝાનને કાર્યકારી ક્રમમાં રાખવા માટે પૈસા નથી. અહેવાલો અનુસાર, મસ્જિદના વધતા ખર્ચ અને પૂજા કરનારાઓની ઘટતી સંખ્યાને કારણે, તેને બંધ કરવા અથવા તેનું કદ ઘટાડવાના વિકલ્પ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

મસ્જિદનું સંચાલન કરતા એર્કિન ગુનીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તાજેતરના વર્ષોમાં મસ્જિદનું બિલ ત્રણ ગણું વધી ગયું છે. તેમણે એ પણ સ્વીકાર્યું કે તેઓને વિસ્તારના મુસ્લિમ સમુદાય તરફથી વધુ દાન અને સમર્થન મળવાનું શરૂ થયું છે પરંતુ મસ્જિદના ભાવિ પર હજુ પણ પ્રશ્નો છે. ગુનીએ મીડિયાને કહ્યું કે તે મસ્જિદ બંધ કરવા માંગતો નથી, પરંતુ તેની પાસે કોઈ વિકલ્પ નથી.

એર્કિન ગુનીએ કહ્યું કે અમે ટર્કિશ સાયપ્રિયોટ્સ છીએ. અમારા લોકો ક્યાં તો ગયા છે અથવા મરી ગયા છે અને શહેરમાં ૧૦-૧૫ વધુ મસ્જિદો ખુલી છે. તમને જણાવી દઈએ કે આ મસ્જિદ ૧૯૦૩માં બનેલ સિનાગોગ છે, જેને ૧૯૭૦ના દાયકામાં યહૂદી લોકોએ છોડી દીધું હતું. જે પછી એર્કિન ગુનીના પિતાએ તેને લીધું અને અહીં પ્રથમ તુર્કી મસ્જિદ બનાવી. ગુનીએ એ પણ જણાવ્યું કે શુક્રવારે મસ્જિદમાં સારી સંખ્યામાં નમાઝ આવે છે પરંતુ અઠવાડિયાના અન્ય દિવસોમાં અહીં બહુ ઓછા લોકો નમાઝ પઢવા આવે છે. આ પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું કે આ વિસ્તારમાં દરો વધી ગયા છે, અને વધતા ભાવને કારણે અમારા સમુદાયના લોકો અન્ય સ્થળોએ રહેવા ગયા છે.

મસ્જિદના ખર્ચનું વર્ણન કરતાં એર્કિન ગુનીએ જણાવ્યું કે માસિક ખર્ચ ૪ હજાર પાઉન્ડ જેટલો છે અને દર શુક્રવારે ૨૦૦ થી ૪૦૦ પાઉન્ડનું દાન નમાઝ એકત્ર કરવામાં આવે છે.

# અરુણ ગોવિલ 'રામ' બાદ હવે રાજા દશરથ બનશે, કૈકૈયીના રોલમાં લારા દત્તા



મુંબઈ,

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું શૂટિંગ શરુ થઈ ગયું છે. આ ફિલ્મના સેટની કેટલીક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. તસવીરો જોઈને ખ્યાલ આવે છે કે ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં અરુણ ગોવિલ જોવા મળશે. જ્યારે રાણી કૈકૈયીની ભૂમિકામાં લારા દત્તાને કાસ્ટ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર ફિલ્મ સિટીમાં ગુરુકુળનો સેટ તૈયાર થઈ ચૂક્યો છે. આ ફિલ્મના પ્રથમ શીડ્યુઅલમાં રામ, લક્ષ્મણ અને ભરતના બાળપણના પાત્રનો અભિનય કરનાર ચાઈલ્ડ આર્ટિસ્ટ શૂટિંગ કરી રહ્યા છે. જ્યારે અભિનેતા શિશિર શર્મા તેમાં ગુરુ વશિષ્ઠના રોલમાં જોવા મળશે. ટૂંક જ સમયમાં રણબીર પણ આ ફિલ્મની શૂટિંગ શરુ કરશે. ભગવાન રામના હાવભાવ અને ભાષા શૈલીનું સારી રીતે ફિલ્માંકન કરવા માટે રણવીર વોઈસ અને ડિક્શન ટ્રેનિંગ(બોલવાની રીત) લઈ રહ્યો છે.

રણબીર પોતાના રોલની સાથે સંપૂર્ણપણે ન્યાય કરવા ઈચ્છે છે. તે આ રોલ માટે કલાકો સુધી પ્રેક્ટિસ કરી રહ્યો છે. રણબીર ડાયલોગ્સ યાદ કરવા માટે વીડિયા બનાવે છે અને એપ્રૂવલ માટે ડાયરેક્ટરની પાસે મોકલે છે. એપ્રૂવલના હિસાબથી એ પોતાની ટ્રેનિંગ પર ધ્યાન આપવા ઈચ્છે છે. પહેલાં પણ અહેવાલ હતા કે ફિલ્મ એપ્રિલમાં ફ્લોર પર આવી જશે. મેકર્સ ફિલ્મ 'રામાયણ'ને ૪ ભાગમાં રિલીઝ કરશે. પ્રથમ ભાગ આગામી વર્ષે જૂન સુધીમાં રિલીઝ થાય તેવી ધારણા છે.

# ચૂંટણી પહેલા 'ગબ્બર' અને 'ઠાકુર'ની એન્ટ્રી મતદાન વધારવા ચૂંટણી પંચે પોસ્ટર લગાવ્યા

જયપુર

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીને લઈને વહીવટીતંત્ર અને તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. લોકસભા ચૂંટણી પહેલા શોલે ફિલ્મના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર અચાનક એન્ટ્રી થઈ ગયા છે.

જોકે, આ પોસ્ટર કોઈ રાજકીય પક્ષ દ્વારા નહીં પરંતુ ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા માટે લગાવવામાં આવ્યા છે. મતદારોને મતદાન અંગે જાગૃત કરવાના હેતુથી ચૂંટણી પંચની આ અનોખી પહેલ છે. ચૂંટણી પંચનું આ ફિલ્મનું પોસ્ટર સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે.

મતદારોને જાગૃત કરવા ચૂંટણી પંચ દ્વારા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, ૪૮ વર્ષ પછી, ફિલ્મ શોલેના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર સિરોહી અને નગરપાલિકા શિવગંજમાં લગાવવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટે આ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે, અમને આ હાથ આપો, ઠાકુર. જેના જવાબમાં લખ્યું છે કે, પહેલા મને વોટ કરવા દો. લોકશાહીના મહાન પર્વમાં મતદાનની ટકાવારી વધે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે સિરોહી અને નગરપાલિકા શિવગંજ વિસ્તારમાં લગાવવામાં આવેલા શોલે ફિલ્મના પોસ્ટરો દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

શોલે ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મ રિલીઝ થતાની સાથે જ તેણે લોકોના દિલ અને દિમાગ પર કબજો જમાવી લીધો. જો કે આ ફિલ્મના દરેક ડાયલોગ ખૂબ ફેમસ થયા હતા.



# જો મારી સામેનો વ્યક્તિ સાચો હશે અને મારા તમામ માપદંડોને પૂર્ણ કરશે તો હું ચોક્કસ લગ્ન કરીશ : સુષ્મિતા

મુંબઈ

સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્યા ૩માં જોવા મળી હતી અને બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહે છે. એ વાત તો આપણે બધા જાણીએ જ છીએ કે છેલ્લા થોડા સમયથી બૉલીવુડમાં લગ્નની સિઝન ચાલી રહી છે એવામાં હવે વધુ એક અભિનેત્રી લગ્નના બંધનમાં બંધાઈ શકે છે એવી ચર્ચા ચાલી રહી છે. પોતાના કામ સાથે અંગત જીવનને લઈને બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન લોકો વચ્ચે ચર્ચામાં રહે છે અને લગભગ ચાહકો હવે તેમના લગ્નની રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં જ અભિનેત્રીએ તેના લગ્નના પ્લાન વિશે વાત કરી છે.

જાણીતું છે કે બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્યા ૩માં જોવા મળી હતી. તેણે બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહી છે. દરમિયાન એક વાતચીતમાં સુષ્મિતા સેને જણાવ્યું કે કેવી રીતે તેની લવ લાઈફ હંમેશા એક ખુલ્લી કિતાબ જેવી રહી છે. અભિનેત્રીએ કહ્યું, 'મારું જીવન ચોક્કસપણે એક ખુલ્લું પુસ્તક છે કારણ કે મેં તેને ખૂબ જ પ્રામાણિકતાથી અને ક્યારેક નિર્ભયતાથી જીવ્યું છે.

# ધો.૧૦પછી 'એ' ગ્રુપના અભ્યાસ માટે વિચારતા છાત્રો માટે ડિપ્લોમાં એન્જિનિયરિંગ આદર્શ વિકલ્પ

ભાવનગર, તા.૯

રાજ્યમાં દર વર્ષે ધો.૧૦ના છાત્રો યોગ્ય માર્ગદર્શન ના અભાવે છ ગ્રુપમા ૧૧-૧૨ કરી કીમતી બે વર્ષનો સમય બગાડી, અધધ ફી ભરી ડિગ્રી એન્જિ.મા પ્રવેશ મેળવે છે.જ્યારે જે વિદ્યાર્થીઓ JEEના લેવલ ક્રેક કરવાની ક્ષમતા ધરાવતા હોય તેઓ એજ ૧૦ પછી ૧૧-૧૨મા છ ગ્રુપ સાથે ભણવાનો વિકલ્પ પસંદ કરવો જોઈએ,પરંતુ શાળાઓનું માર્કેટિંગ અને ફી આવકની લાલચ અને મોહજાળમાં ફસાઈ અસંખ્ય વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીના કીમતી બે વર્ષો સાથે લાખો રૂપિયાની ફી ખર્ચી બિનજરૂરી અભ્યાસ કરી ડિગ્રી એન્જિ.મા પ્રવેશ મેળવે છે.

જ્યારે ૧૦ પછી ડિપ્લોમા એન્જિ.નો સરળ અને સસ્તો વિકલ્પ પસંદ કરી ડિગ્રી એન્જિ.ના સીધા બીજા વર્ષમાં પ્રવેશ મેળવી ડિગ્રી એન્જિ.કરી શકાય છે. ૧૦ પછી ૧૧-૧૨ કરી ડિગ્રી એન્જિ.ની માત્ર એક ડિગ્રી મળે છે જ્યારે તેની સરખામણી એ જોઈએ તો ૧૦ પછી ડિપ્લોમા એન્જિ.કરી ડિગ્રી એન્જિ. પૂરું કરે તો ડિપ્લોમા અને ડિગ્રીની બે ડિગ્રીઓ પ્રાપ્ત કરે છે,તેઓ માટે સારા પ્લેસમેન્ટની વ્યાપક તકો પણ ઉપલબ્ધ રહે છે,વળી ડિપ્લોમા કોઈ પણ બ્રાન્ચમા કર્યું હોય તેને ડિગ્રીની કોઈ પણ બ્રાન્ચમાં એડમિશન મળી શકે તેવી અનુકૂળ જોગવાઈ તેના નિયમોમાં છે. તેમ જણાવી શિક્ષણવિદ્ ડો.ઓમ ત્રિવેદીએ આ અંગે કોઈ પણ પ્રકારના માર્ગદર્શન માટે રાજ્યનો કોઈ પણ વિદ્યાર્થી કે તેઓના વાલી મો.૯૯૨૪૩૪૩૫૩૬ ઉપર સંપર્ક કરી શકે છે. તેમ ઉમેર્યું હતું.


**આ અંગે કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે શિક્ષણવિદ્ ડો.ઓમ ત્રિવેદી બનશે મદદગાર**

# રૂપાલાના વિરોધમાં સિહોર અને પાલિતાણામાં આવેદનપત્ર પાઠવાયા

ભાવનગર, તા.૯

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટીપ્પણીનો મામલો વિવાદી બન્યો છે અને ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ-આંદોલન ચાલી રહ્યા છે ત્યારે આ અનુસંધાને પાલિતાણા શહેર તથા ગ્રામ્યના ક્ષત્રિય સમાજ દ્વારા મોટી સંખ્યામાં એકત્ર થઈને દરબારગઢ ખાતેથી બાઈક રેલી કાઢી અને પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સિહોર બ્રહ્મભટ્ટ બારોટ સમાજ દ્વારા પણ ક્ષત્રિય સમાજના સમર્થનમાં સિહોર પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ સાથે જ પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે તેવી સિહોર બ્રહ્મભટ્ટ બારોટ સમાજે ઉગ્ર માંગ ઉઠાવી હતી.

# બજારમાં ગેરકાયદે ઓટલા પર મ્યુ. તંત્રએ બોલાવી ધોષ



તસવીર : મૌલીક સોની

ભાવનગર મહાપાલિકા, એસ્ટેટ વિભાગ દ્વારા સોમવારે શહેરના આંબાચોક, શાકમાર્કેટ, ગોળ બજારમાંથી અસ્થાયી પ્રકારના દબાણ દૂર કરવામાં આવ્યા હતા, તેમજ ૧૨ કેરેટ, ૧૨ વગર મંજૂરીના બોર્ડ, ૧ વજન કાંટો જપ્ત કર્યો હતો. વધુમાં ગેરકાયદે બનાવેલ ૪ ઓટલા દૂર કર્યા હતાં. મહિલા કોલેજ સર્કલ પાસેથી વગર મંજૂરીના ૮ બોર્ડ, દૂર કરી જપ્ત કરાયા હતાં, વધુમાં શહેરના નિર્મળનગર પાસેથી અસ્થાયી પ્રકારના દબાણ દૂર કરીને ૧ કાઉન્ટર, ૧ ટેબલ, ૧ કેબીન, ૪ લોખંડના બાકડા જપ્ત કર્યા હતાં. તેમજ મૂળ માલિક અન્યને ભાડે આપેલ સ્ટેવાળા કાઉન્ટર તથા કેબીન પણ જપ્ત કરવામાં આવ્યા હતાં.શહેરમાં દુકાનોની આગળના ભાગે વેપારીઓ દ્વારા આરસીસી ઓટલા બાંધી દેવામાં આવ્યા છે, જેના લીધે અન્ય વાહન ચાલકો વાહન પાર્ક કરી શકતા નથી. તંત્ર દ્વારા આવા ઓટલા સામે ઘોષ બોલાવવામાં આવી છે.

# ૧૨ એપ્રિલ સુધી શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ફી ભરી શકાશે

ભાવનગર, તા.૯

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવેદનપત્ર કન્ફર્મ કરી દીધા હોય તેવા વિદ્યાર્થીઓને જો ફી ભરવાની બાકી રહી ગઈ હોય તો એક અંતિમ તક રૂપે તા. ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન ફી ભરી શકે તેવી સુવિધા આપવામાં આવી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૨૩ ૨૪ માટેના આવેદનપત્રો www.sebexam.rog વેબસાઈટ પર તા.૧થી ૧૧ માર્ચ સુધી અને બાદમાં આવેદનપત્રો ભરવાની તારીખ લંબાવીને ૧૫ માર્ચ સુધી કરવામાં આવી હતી તેમજ ૧૮મી માર્ચ સુધી આવેદનપત્રોની ફી ભરવા માટે તારીખ રાખવામાં આવી હતી. આમ છતાં આવેદનપત્રો કન્ફર્મ થઈ ગયા હોય અને ૧૮મી માર્ચ સુધીમાં ફી ભરવાની બાકી રહી ગઈ હોય તેઓ માટે વારંવાર રજૂઆત આવ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એક અંતિમ તક રાજ્ય પરીક્ષા બોર્ડ માટે આપવામાં આવી છે અને આ પરીક્ષા માટેની આવેદનપત્રની ફી તારીખ ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન અચૂક ભરી દેવા જણાવ્યું છે. આ સુવિધા માત્રને માત્ર ઓનલાઈન આવેદન પત્ર ભરી કન્ફર્મ કરનાર વિદ્યાર્થીઓ માટે જ છે. સમય વીતી ગયા બાદ હવે ફી અંગે કોઈ પણ પ્રકારની રજૂઆત સાંભળવામાં આવશે નહીં તેમ જણાવવામાં આવ્યું છે.

# કિન્નર સહિત ૩ શખ્સો પાંચ ચોરેલી રીક્ષા સાથે ઝડપાયા

## ૭.૭૫ લાખનો મુદામાલ બરામત, આરોપીઓ સુરત અને ભાવનગરમાંથી ચોરી કરેલી રીક્ષા વેચવાની ફિરાકમાં હતા

ભાવનગર, તા.૯

શહેરના કુંભારવાડા વિસ્તારમાં એક કિન્નર સહિતના ત્રણ શખ્સો ચોરીના વાહન વેંચવાની ફિરાકમાં હોવાની બાતમી મળતા ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી પોણા આઠ લાખની કિંમતની ચોરીની પાંચ રિક્ષા તેમજ એક બાઈક સહિતના મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સોને ઝડપી પાડ્યા હતા.

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.કે.એસ.પટેલને બાતમી મળી હતી કે, રિક્ષા ચોરીમાં સંડોવાયેલી ગેંગ કુભારવાડા વિસ્તારમાં છે તેથી પીએસઆઈ જેબલીયા સહિતના કાફલાએ દરોડો પાડ્યો હતો અને સોહીલ ઉર્ફે લંબુ સત્તારભાઈ બુખારી (રહે.કુંભારવાડા, ભાવનગર) મોહસિન ઈબ્રાહીમ વોરા (રહે.પેટલાદ) અને વિંદાકુંવર કરીનાકુંવર (કૌશીકભાઈ ઉનાગર) હોવાનું જણાવ્યું હતું. પૂછપરછ દરમિયાન વિંદાકુંવર કિન્નર સુરતમાં રહેતી હોવાની કબૂલાત કરી હતી. પૂછપરછ દરમિયાન પેટલાદમાં રહેતા મોહસીનના



કહેવાથી સોહીલે ભાવનગર અને સુરતમાંથી ચોરી કરી હોવાનું ખુલવા પામ્યું હતું. ઝડપાયેલા શખ્સો પાસેથી પાંચ રિક્ષા તેમજ એક મોટર સાઈકલ સહિત રૂ.૭.૭૫ લાખનો મુદામાલ મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન ત્રણેય આરોપીઓએ વાહનોની ચોરી ભાવનગર તેમજ સુરતમાંથી કરી હોવાનું અને તેઓ ભાવનગરમાં ચોરીના વ્હીકલ વેંચવાની ફિરાકમાં હોવાની કબૂલાત કરી હતી. એલસીબીએ ત્રણેય સામે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી હતી.

# કમ્પ્યુટર પર જુગાર રમાડતા આઠ સામે પોલીસ ફરિયાદ

ભાવનગર, તા.૯

ઉમરાળા તાલુકાના ધોળા જંકશન ગામે રવિરાજસિંહ વિક્રમસિંહ સરવૈયા (રહે. વડોદ તા. ઉમરાળા) પોતાની દુકાને ઓપરેટર રાખી આર્થિક લાભ લેવા માટે ગ્રાહકો પાસેથી નાણા લઈ યંત્રના નામે દર પાંચ મિનિટે ઓનલાઈન યંત્ર વિજેતા જાહેર કરી ગ્રાહકે લગાડેલા રકમની વિજેતા ગ્રાહકને નવ ગણી રકમ ચૂકવી અન્ય ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવી નસીબના આધારે યંત્રનો ઓનલાઈન હાર જીતનો જુગાર રમાડતા રોકડ રૂ. ૧૧,૫૮૩ તથા ટીવી, કીબોર્ડ, પ્રિન્ટર, સ્કેનર, વગેરે વસ્તુઓ સાથે કુલ રૂ. ૭૫૦૮૩ના મુદ્દામાલ સાથે તેને ઝડપી લઈ જુગારની તપાસમાં ખુલેલ અન્ય સુલેમાન કાદરભાઈ, અતુલભાઈ અંબાલાલ સચાણીયા, નવલભાઈ હકાભાઈ ગોહેલ, નંદલાલભાઈ માનસંગભાઈ ચૌહાણ, રામસંગભાઈ રવજીભાઈ આકૈયા, સુનિલભાઈ ઘનશ્યામભાઈ જાદવ અને વિશાલભાઈ સામે જુગારધારા અંતર્ગત ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ મંદિર ખાતે ફાગણ માસની માસિક શિવરાત્રીની ઉજવણી : શ્રદ્ધાળુઓ ઉમટ્યા



વેરાવળ,

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી પર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે.

ત્યારે આજરોજ પ્રણાલિકા અનુસાર ફાગણ માસની માસિક શિવરાત્રિ પર શ્રી સોમનાથ મંદિર સમીપ યજ્ઞશાળામાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર ભાઈ દેસાઈ સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થ પુરોહિતો પાસે દૈનિક ૧૨૧ રુદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુરુદ્ર કરાવવામાં આવે છે.

# ગોપનાથ મહાદેવ મંદિરે સોમવતી અમાસે ધાર્મિક કાર્યક્રમો યોજાયા



તસવીર : મથુર ચૌહાણ

તળાજા, તા.૯

તા.૮ના રોજ અનોખો સંગમ થયેલ અમાસ અને સોમવાર હોય પ્રસિદ્ધ યાત્રાધામ ગોપનાથ મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી શિવ ભક્તો, દર્શનાર્થીઓ, શ્રધ્ધાળુઓ દર્શનાર્થ ઉમટયા હતા. વહેલી સવારે ભક્તો સમુદ્રમા સ્નાન કરી દર્શન કરી ધન્યતા અનુભવેલ શિવ ભક્તોની દર્શન માટે લાંબી કતારો લાગી હતી તેમજ સોમવારે ગોપનાથ મહાદેવ મંદિર ખાતે યજ્ઞ સહિત ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ. આ પ્રસંગે સીતારામબાપુ, ગોપનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટીઓ, પ્રમુખ પૂજારી સહિત ઉપસ્થિત રહેલ શિવ ભક્તોએ ભોજન પ્રસાદ, દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવેલ ગોપનાથ મહાદેવ મંદિર હર હર મહાદેવના નાંદથી ગુંજી ઉઠયુ હતુ.

# ગુડી પડવો- ચૈત્રી નવરાત્રિ પ્રારંભ પ્રસંગે કષ્ટભંજનદેવને શણગાર

પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ગુડી પડવો- ચૈત્રી નવરાત્રિ પ્રારંભ નિમિતે આજે તા.૯ને મંગળવારના રોજ કષ્ટભંજનદેવ દાદાને પરંપરાગત શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી તથા સવારે ૭ કલાકે શણગાર આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.તેમજ મંદિરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના દર્શન આરતીનો લાભ હજારો હરિભકતો લઈ ધન્યતા અનુભવી હતી.



# ધોળા રેલ્વે સ્ટેશન પરના કોચ ઈન્ડીકેટર પાંચ મહિનાથી બંધ

## ઈન્ડીકેટર બંધ રહેતા મુસાફરોને પોતાના ડબ્બામાં ચડવા માટે દોડધામ

ભાવનગર, તા.૯

ધોળા જંકશન રેલ્વે સ્ટેશન પરના કોચ ઈન્ડીકેટર પાંચ મહિનાથી બંધ હોવાથી રીઝર્વેશન ધરાવતા અને વગર રીઝર્વેશન વાળા મુસાફરોને મોટી મુશ્કેલી પડી રહી છે.

કોચ ઈન્ડીકેટર બંધ રહેતા હોવાથી કયો કોચ ચોક્કસ કયાં આગળ ઉભો રહેશે તે જાણી શકાતું નથી. અને ધોળા ખાતે એક્ષપ્રેસ-મેઈલ ગાડીઓ માત્ર બે મિનિટ પુરતો સ્ટોપ હોય છે. ધોળાના નાગરીકો દ્વારા ધોળા રેલ્વે સ્ટેશન અધિકારીઓને રજુઆતો વારંવાર કરી છે છતાં તંત્ર હજુ રીપેરીંગ માટે ઉત્સુક હોય તેમ જણાતુ નથી. ઈન્ડીકેટર બંધ રહેવાના કારણે મુસાફરોને પોતાના ડબ્બામાં ચડવા માટે દોડધામ કરી પડે છે. ખાસ કરીને સીનીયર સિટીઝન,દિવ્યાંગ અને મહિલા મુસાફરોને ભારે મુશ્કેલી પડતી હોય રેલ તંત્રએ તાકીદે કોચ ઈન્ડીકેટર શરૂ કરવા મુસાફર જનતાની પ્રબળ માંગ છે.

# દાઉદી વોરા સમાજ દ્વારા ઈદની ઉજવણી



મુસ્લિમ સમાજના રમજાન માસની પૂર્ણાહુતિ સાથે જ આજે દાઉદી વોહરા સમાજ દ્વારા રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી દાઉદી વોહરા સમાજ દ્વારા ૩૦મા રોજાના દિવસે જ રમજાન ઈદની ઉજવણી કરવામાં આવે છે આ નિમિત્તે તેઓએ સામુહિક નમાજ કરવા સહિત એકબીજાને ઈદની શુભેચ્છા પાઠવી હતી આજે રમજાનનો ચાંદ દેખાય તો આવતીકાલે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા રમજાન ઈદની ઉજવણી કરવામાં આવશે.

# અલંગમાં લાગેલી આગ બુજાવવા ૩૧ હજાર લીટર પાણીનો છંટકાવ

## દોઢ કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી, ગાદલા સહિત મુદ્દામાલ સળગી ગયો

ભાવનગર, તા.૯

અલંગ ખાતે સથરા ચોકડી પાસે આવેલા એક ખાડામાં સોમવારે સાંજે અચાનક જ આગ લાગતા દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા ફેલાયા હતા જેની જાણ થતાં ફાયર બ્રિગેડના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ પાણી છાટીને દોઢ કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો. ત્રીકમભાઈ મણારના પ્લોટમાં આગ લાગતા જ ફાયર બ્રિગેડના ત્રણ ફાઈટરો સ્થળ પર પહોંચી ગયા હતા અને આગ પર કાબુ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. પ્લોટમાં પ્લાસ્ટીકના પાઈપ, રેયોનના ગાદલા તેમજ ડનલપ ગાદલા સહિતનો મુદ્દામાલ હતો. જો કે, સમયસરની કામગીરીના કારણે આગમાં વધુ મુદ્દમાલ સળગે તે પહેલા જ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. તકેદારીના ભાગ રૂપે તળાજા ફાયર બ્રિગેડને પણ તૈયાર રહેવાની સુચના આપવામાં આવી હતી. જો કે, સમયસર કામગીરીના કારણે ત્રણ ફાઈટરોની મદદથી જ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આગ પર કાબુ મેળવવા માટે ૩૧ હજાર લીટર પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# ચેક પરત ફરવાના કેસમાં શખ્સને છ માસની કેદની સજા

ભાવનગર તા.૯

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા શખ્સને અદાલતે ચેક રિટર્ન ના કેસમાં છ માસની કેદની સજા અને મૂળ રકમની દોઢી રકમ ચૂકવવા આદેશ કર્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના સુભાષનગર, ભોળાનાથ સોસાયટીમાં રહેતા અશોકભાઈ ગોરધનભાઈ ગોહિલ પાસેથી કુંભારવાડામાં રહેતા સંજયભાઈ વિનોદભાઈ મકવાણા એ ગત તા.૦૧/૦૬/૨૦૧૯ ના રોજ રૂ.૩ લાખ ઉછીના લીધા હતા અને આ રકમ પેટે તેમણે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, કુંભારવાડા શાખાનો ચેક આપ્યો હતો. આ ચેક અપૂરતા ભંડોળના કારણોસર પરત તથા અશોકભાઈ ગોહિલે તેમના વકીલ વિપુલ એન. અજવાળીયા મારફત ભાવનગર ના જયુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં ધી નેગોસીએબલ એક્ટની કલમ ૧૩૮ અન્વયે કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં અદાલતે ફરિયાદ પક્ષના વકીલની દલીલો ધ્યાને લઈ આરોપી સંજયભાઈ વિનોદભાઈ મકવાણાને કસુરવાર ગણી છ માસની કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમ રૂ.૪,૫૦,૦૦૦/- નો દંડ ફટકાર્યો છે.

# આમ આદમી પાર્ટીએ 'જેલ કા જવાબ વોટ સે' નામનું શરૂ કર્યું નવું અભિયાન

નવીદિલ્હી,

દેશમાં લોકસભાની ચૂંટણી બહુ દૂર નથી. તમામ પક્ષો તેની તૈયારીમાં વ્યસ્ત છે. પરંતુ ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની એક્સાઈઝ પોલિસી કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. હવે સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ પાર્ટીના મોટા નેતાઓ મીડિયા સામે આવી રહ્યા છે અને પોતાના વિચારો રજૂ કરી રહ્યા છે. આ જ ક્રમમાં પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠકે પણ પીસી દ્વારા પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ દરમિયાન તેણે મોટો આરોપ પણ લગાવ્યો હતો.

મીડિયા સાથે વાત કરતા સંદીપ પાઠકે કહ્યું કે, 'કેજરીવાલ જીને ચૂંટણીમાંથી દૂર કરવા માટે તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. તેને એક ષડયંત્ર દ્વારા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. કેજરીવાલજીએ તેમનું આખું જીવન લોકો માટે લડવામાં વિતાવ્યું. તેમણે દિલ્હીના તમામ પરિવારોને પોતાનો પરિવાર માન્યા અને તેમના માટે શિક્ષણ, આરોગ્ય, વીજળી અને પાણીની વ્યવસ્થા કરી. આટલું જ નહીં મહિલાઓ માટે બસની મુસાફરી મફત કરવામાં આવી હતી. પરંતુ હવે તે જેલમાં છે. તેમણે વધુમાં કહ્યું કે, હવે ઈમાનદારીની રાજનીતિને જીવંત રાખવાની જવાબદારી દિલ્હીની જનતાની છે.

આમ આદમી પાર્ટીએ આજે 'જેલ કા જવાબ વોટ સે' નામનું નવું અભિયાન શરૂ કર્યું છે. સંદીપ પાઠકે કહ્યું કે, આજે અમે 'જેલ કા જવાબ વોટ સે' નામનું અભિયાન શરૂ કરી રહ્યા છીએ. આ અભિયાન દ્વારા આપણે બધા દરેક ઘરે જઈને જનતા સાથે વાત કરીશું. જે દિવસે મતદાન થશે તે દિવસે જેલવાસનો જવાબ જાણવા મળશે.

# નેતન્યાહુ બેકફૂટ પર : દક્ષિણ ગાઝામાંથી સેના પાછી ખેંચી

ગાઝા,

ગાઝામાં સતત થઈ રહેલા મોત અને ઈઝરાયેલના બંધકોના મોતને લઈને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ વિરુદ્ધ દેશમાં થઈ રહેલા વિરોધોએ તેમને બેકફૂટ પર મૂકી દીધા છે. ઈઝરાયેલે હવે દક્ષિણ ગાઝામાંથી સૈનિકોની સંખ્યામાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. બીજી તરફ, બ્રિટિશ પીએમ ઋષિ સુનાકે કહ્યું છે કે ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ 'માનવતાના ધોરણે બંધ' થવો જોઈએ. સૈન્યએ દક્ષિણ ગાઝા પટ્ટીમાંથી વધુ ભૂમિ સૈનિકો પાછા ખેંચી લીધા છે, તેના આક્રમણની શરૂઆતના છ મહિના પછી ત્યાં માત્ર એક બ્રિગેડ છોડી દીધી છે, ઈઝરાયેલી સૈન્ય પ્રવક્તાએ રવિવારે જણાવ્યું હતું.

વોશિંગ્ટનના વધતા દબાણને ધ્યાનમાં રાખીને, ઈઝરાયેલની સેના ગાઝામાં માનવીય સ્થિતિ સુધારવા માટે સૈનિકોની સંખ્યામાં ઘટાડો કરી રહી છે. તેણે સૈનિકો પાછા ખેંચવાના કારણો અથવા સામેલ સંખ્યા વિશે વિગતો આપી નથી. દરમિયાન, બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનાકે ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ સંઘર્ષને "નિર્દોષ બાળકોની ખાતર માનવતાના ધોરણે" રોકવા માટેના તેમના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે. બ્રિટને રવિવારે ગાઝા માટે મેરીટાઈમ સપોર્ટ કોરિડોર સ્થાપિત કરવા લશ્કરી અને નાગરિક સહાયના નવા પેકેજની જાહેરાત કરીને ઈઝરાયેલ-હમાસ સંઘર્ષના છ મહિનાની ઉજવણી કરી.

# દેશના પ્રથમ વ્યંઢળ મહામંડલેશ્વર વારાણસીથી મોદી સામે ચૂંટણી લડશે

વારાણસી,

દેશના પ્રથમ વ્યંઢળ મહામંડલેશ્વર હેમાંગી સાખી વારાણસી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. અખિલ ભારત હિન્દુ મહાસભાએ બનારસથી હેમાંગી સાખીને ટિકિટ આપી છે. તે ૧૨ એપ્રિલે બનારસ પહોંચશે અને બાબા વિશ્વનાથના આશીર્વાદ લઈને ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

મહામંડલેશ્વર હેમાંગી સાખીએ કહ્યું કે સમગ્ર દેશમાં કિન્નર સમુદાયની સ્થિતિ દયનીય છે. ટ્રાન્સજેન્ડર સમુદાય માટે એક પણ સીટ અનામત રાખવામાં આવી નથી. ટ્રાન્સજેન્ડર સમુદાય લોકસભા અને વિધાનસભામાં કેવી રીતે પોતાના વિચારો રજૂ કરશે? વ્યંઢળ સમાજનું નેતૃત્વ કોણ કરશે? ટ્રાન્સજેન્ડર સમુદાયના ભલા માટે હું ધર્મમાંથી રાજકારણ તરફ વળ્યો છું.

હેમાંગી સાળીએ કહ્યું કે અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરુદ્ધ નથી, તેમણે પણ ધર્મનું કામ કર્યું છે. અમારો એક જ પ્રયાસ છે કે અમારી વાત સરકારના કાન સુધી પહોંચે. એટલા માટે વારાણસી સંસદીય બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહામંડલેશ્વરે કહ્યું કે સરકારે બેટી બચાવો બેટી પઢાવોનો નારો આપ્યો છે.

# ભારત વિરોધી માલદીવના મંત્રી મરિયમ શિઉનાએ હવે તિરંગાની મજાક ઉડાવી

માલદીવ

માલદીવના મંત્રીઓ ભારત વિરુદ્ધ ઝેર ઓકતા રહે છે. અગાઉ વિવાદાસ્પદ ટિપ્પણી માટે સસ્પેન્ડ કરવામાં આવેલા મરિયમ શિઉનાએ હવે ભારતીય તિરંગાની મજાક ઉડાવી છે. જોકે તેમણે વિવાદાસ્પદ પોસ્ટ ડિલીટ કરી દીધી છે અને માફી પણ માગી છે. ખાસ વાત એ છે કે માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને ચીનના સમર્થક માનવામાં આવે છે. તે સતત માલદીવમાંથી ભારતીય સૈનિકો પાછા ખેંચવાની માગ કરી રહ્યા છે.એવા અહેવાલો છે કે શિઉનાએ માલદીવમાં વિપક્ષી પાર્ટી એમડીપી એટલે કે માલદીવિયન



ડેમોક્રેટિક પાર્ટીને નિશાન બનાવવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. હવે ડીલીટ કરી નાખવામાં આવેલી પોસ્ટમાં, પાર્ટીનો લોગો ભારતીય તિરંગામાં હાજર અશોક ચક્ર સાથે બદલવામાં આવ્યો હતો.

શિઉના હવે માફી માંગતી પણ જોવા મળી રહી છે. તેમણે લખ્યું, 'હું તાજેતરની એક સોશિયલ મીડિયા પોસ્ટ વિશે વાત કરવા માગુ છું, જે સમાચારમાં છે અને તેની ટીકા થઈ રહી છે. મારી તાજેતરની પોસ્ટને લીધે થતી કોઈપણ મૂંઝવણ માટે હું માફી માગુ છું.

તેમણે લખ્યું, 'મારા ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે એમડીપીના મારા જવાબમાં મેં જે તસવીરનો ઉપયોગ કર્યો છે તે ભારતીય ધ્વજને મળતો આવે છે. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે આ અજાણ્યું હતું અને કોઈપણ ગેરસમજ માટે હું દિલથી ક્ષમા ચાહું છું. માલદીવ ભારત સાથેના તેના સંબંધોનું સન્માન કરે છે.

# થાણેમાં ગુજરાતી બિલ્ડરના બંગલામાં રૂા.૧૯.૯૦ લાખની દિલધડક લૂંટ

મુંબઇ,

થાણે જીલ્લાના યેઉરમાં ૫૦ વર્ષીય ગુજરાતી બિલ્ડરના ઘરનમાં ઘુસીને ૬ શખ્સોએ બંદૂકની ધાક બતાવીને ૧૯.૯૦ લાખની માલમતાની લૂંટ ચલાવી હતી. જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓ ભાગી જતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે યેઉરમાં ભય સાથે સનસનાટી ફેલાઈ ગઈ છે.

આ બનાવની વિગત મુજબ યેઉરમાં ગુજરાતી બિલ્ડર ફાર્મહાઉસ ધરાવે છે. જ્યાં મંકી કેપ પહેરીને આવેલા છ શખ્સોની સશસ્ત્ર ટોળકીએ બંદૂકની ધાક બતાવીને લૂંટ ચલાવી હતી. જેમાં દોઢ લાખ રૂપિયા રોકડા, ડાયમંડ, અને પ્લેટિનિયમ તથા સોનાના દાગીના મળીને ૧૯.૯૦ લાખની દિલધડક લૂંટ ચલાવી હતી.

ટોળકીએ બિલ્ડર સુધીર નાયર અને તેમના મિત્ર વિનય નાયરને જાનથી મારી નાંખવાની ધમકી આપીને આ લૂંટને અંજામ આપ્યો હતો. વર્તકનગર પોલીસ સ્ટેશનના સીનીયર પી.આઈ રાજકુમાર વાઘચૌરેના જણાવ્યા મુજબ બિલ્ડરને લૂંટનારા શખ્સોની ઓળખ માટે ફાર્મહાઉસ પાસેના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરાઈ હતી.

# મેનિફેસ્ટો પર પીએમ મોદીની ટિપ્પણીઓ સામે કોંગ્રેસે ચુંટણી પંચમાં નોંધાવી ફરિયાદ

નવીદિલ્હી

કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ સોમવારે દિલ્હીમાં ચૂંટણી પંચ કાર્યાલય પહોંચ્યું હતું. પ્રતિનિધિમંડળે પક્ષના ઢંઢેરાના સંદર્ભમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુસ્લિમ લીગ પરની ટિપ્પણી સહિત અનેક મુદ્દાઓ અંગે ફરિયાદ કરી હતી અને પગલાં લેવાની માંગ કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડા, પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદ અને અન્ય ઘણા લોકો સામેલ હતા.

ખુર્શીદે કહ્યું, "વડાપ્રધાન તેમના ભાષણોમાં જે કહે છે તેનાથી અમને ખૂબ જ દુઃખ થયું છે. તેમણે અમારા મેનિફેસ્ટો વિશે જે કહ્યું છે તે જૂઠાણાંનું પોટલું છે. અમને આનાથી ખૂબ જ દુઃખ થયું છે. તમે કોઈપણ અન્ય પક્ષના મેનિફેસ્ટો પર અસંમત ન થઈ શકો. તમે રાખી શકો છો.તમે તેના પર ચર્ચા કરી શકો છો.તમે તેનું વિશ્લેષણ કરી શકો છો.પરંતુ રાષ્ટ્રીય ચળવળ સાથે સંકળાયેલી રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીના મેનિફેસ્ટો વિશે આવું કહેવું જુઠ્ઠાણાઓનું પોટલું છે.જ્યારે ખૂબ જ સારો મેનિફેસ્ટો લખવામાં આવ્યો છે. " પૂર્વ કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું કે, અમે આ બાબતથી ખૂબ જ દુખી છીએ અને અમે સમજીએ છીએ કે વડાપ્રધાનને આવી વાત કરવાનો કોઈ અધિકાર નથી.

અમે આ બાબત ચૂંટણી પંચ સમક્ષ મૂકી છે અને તેમને ખાસ વિનંતી કરી છે કે તેઓ તેને ગંભીરતાથી લે અને તેના પર કાર્યવાહી કરે. વડાપ્રધાને ઉત્તર પ્રદેશના સહારનપુરમાં ચૂંટણી રેલીમાં કહ્યું કે કોંગ્રેસનો ઢંઢેરો એ જ વિચારસરણીને પ્રતિબિંબિત કરે છે જે સ્વતંત્રતા ચળવળ દરમિયાન મુસ્લિમ લીગમાં હતી.

# પ્રિયંકા ગાંધી પોતાની રાજકીય યાત્રા રાયબરેલીથી શરૂ કરે તેવી સંભાવના

રાયબરેલી,

રાયબરેલીમાં સોનિયા ગાંધી પછી કોણ? કોંગ્રેસ હાઈકમાન્ડે આ મોટા પ્રશ્નનો ઉકેલ લગભગ શોધી કાઢ્યો છે. અમે પ્રથમ તબક્કાની ચૂંટણી પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છીએ. આ પછી શનિવારે જિલ્લા કારોબારીને પ્રિયંકાની રાયબરેલીની લડાઈમાં પ્રવેશના સંકેતો મળ્યા હતા. આ પછી ચુપચાપ બેસી રહેલા કાર્યકરો ઉત્સાહિત દેખાયા હતા. જિલ્લા સમિતિના અધિકારીઓ ફેબ્રુઆરીમાં ૧૦ જનપથ પહોંચ્યા હતા અને પ્રિયંકાને અહીંથી ચૂંટણી લડવાની વિનંતી કરી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ માટે રાયબરેલી સીટ ઘણી મહત્વની છે. સપા સાથે ગઠબંધનના કારણે કોંગ્રેસને ૧૭ બેઠકો મળી છે.

પ્રિયંકા ગાંધી રાયબરેલીથી ચૂંટણી લડશે, કોંગ્રેસ પણ મનોવૈજ્ઞાનિક ધાર લેવાનો પ્રયાસ કરશે. કોંગ્રેસની થિંક ટેન્કનું માનવું છે કે જો પ્રિયંકા ગાંધી પોતાની રાજકીય યાત્રા રાયબરેલીથી શરૂ કરશે તો રાજ્યની દરેક લોકસભા સીટ પર એક મોટો સંદેશ જશે, જેનો ફાયદો ભારત ગઠબંધનને થશે.

# ચૂંટણી પછી મોટી સંખ્યામાં આસામ કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાશે : હિમંતા બિસ્વા

ગોવાહાટી,

આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ દાવો કર્યો છે કે રાહુલ ગાંધી અધીરા વ્યક્તિ છે. શર્માએ તાજેતરમાં આસામથી રાહુલ ગાંધીની ન્યાય યાત્રાને લઈને આ વાત કરી હતી. સીએમએ કહ્યું કે રાહુલ ગાંધીએ આસામની રાજનીતિ વિશે જાણ્યા વગર નિવેદનો કર્યા. શર્માએ કહ્યું કે આસામ કોંગ્રેસના નેતાઓએ રાહુલ ગાંધીને માહિતી આપવાનો પ્રયાસ કર્યો હશે, પરંતુ રાહુલ



ગાંધીમાં ધીરજ નથી, જયારે રાજ્યની સંસ્કૃતિ, તેના મુદ્દાઓ અને ભૂગોળને સમજવામાં ઘણો સમય પસાર કરવો પડે છે.

આસામના સીએમએ કહ્યું કે રાહુલ ગાંધીની ન્યાય યાત્રા દરમિયાન રસ્તાઓ પર ઘણો હંગામો થયો હતો. કોંગ્રેસ પાર્ટીના ઘણા નેતાઓ આનાથી નારાજ છે. શર્માએ દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી પછી મોટી સંખ્યામાં આસામ કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાશે. સરમાએ કહ્યું, 'રાહુલ ગાંધી રાજ્યની સંસ્કૃતિ વિશે જાણતા નથી અને તેઓ તેના વિશે વાંચતા પણ નથી કે તેમના સાથીદારો સાથે ચર્ચા પણ કરતા નથી. તે માત્ર આવે છે અને પોતાના નિવેદનોથી લોકોને પરેશાન કરે છે.

# રેલવે સ્ટેશન પર ત્રણ લોકો પાસેથી ૪ કરોડ મળી આવ્યા

## ભાજપના ઉમેદવાર પર સવાલો ઉઠ્યા

ચેન્નઈ

તમિલનાડુમાં ફ્લાઈંગ સ્ક્વોડે તિરુનેલવેલી જઈ રહેલા ત્રણ લોકો પાસેથી ૪ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. પોલીસ અને ચૂંટણી અધિકારીઓએ આ ઘટનાની જાણકારી આપી હતી. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે જણાવ્યું હતું કે આવકવેરા વિભાગ આ મામલે વિગતવાર તપાસ કરશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય વ્યક્તિઓ એગમોરથી તિરુનેલવેલી જવા માટે ટ્રેનમાં ચડી હતી અને અધિકારીઓની ટીમે ગઈકાલે રાત્રે તાંબરમ ખાતે તેમને રોક્યા હતા. ત્રણેય પાસેથી ચાર કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા. આટલી રોકડ લઈ જવા માટે તેની પાસે કોઈ માન્ય દસ્તાવેજ નહોતા. એવી શંકા છે કે ત્રણેય વ્યક્તિઓ તિરુનેલવેલી લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ઉમેદવાર નૈનાર નાગેન્દ્રનના સમર્થક છે.

દરમિયાન, રાજ્યમાં શાસક દ્રવિડ મુનેત્ર કઝગમએ આ મામલો મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ ઉઠાવ્યો અને નાગેન્દ્રન સામે પગલાં લેવાની માંગ કરી.

# શરદ પવાર - ઉદ્ધવ ઠાકરે માટે લોકસભા ચૂંટણી અસ્તિત્વની લડાઈ, જ્યારે એકનાથ શિંદે અને અજિત પવાર માટે કસોટી

મુંબઇ

લોકસભા ચૂંટણી માટે પ્રચારે વેગ પકડ્યો છે. આ દરમિયાન મહારાષ્ટ્રના રાજકારણમાં પણ રસપ્રદ વળાંક આવી રહ્યો છે. મહાગઠબંધનમાં સીટની વહેંચણીને લઈને પણ ખેંચતાણ ચાલી રહી છે. મહારાષ્ટ્રના બે મુખ્ય પ્રાદેશિક પક્ષોના નેતાઓ, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે, તેમના રાજકીય અસ્તિત્વ માટે લડી રહ્યા છે. આ ચૂંટણી મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અને



રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા અજિત પવાર માટે પણ પરીક્ષા છે. શિંદે અને અજિત પવાર પોતાની પાર્ટીઓથી અલગ થઈને બીજેપીના નેતૃત્વવાળા એનડીએમાં જોડાઈ ગયા. પરંતુ ઠાકરે અને શરદ પવાર માટે પડકાર મોટો છે કારણ કે તેઓ સત્તાથી બહાર છે અને તેમના પક્ષોનું મૂળ નામ અને ચૂંટણી ચિન્હ પણ ગુમાવી દીધું છે - ચૂંટણી પંચ અને મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષે અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી અને શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને વાસ્તવિક એનસીપી અને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી છે. વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક પ્રકાશ અકોલકરે કહ્યું કે બંને નેતાઓએ ચૂંટણીમાં પ્રભાવશાળી પ્રદર્શન કરવાની જરૂર છે, નહીં તો તેમનું રાજકીય અસ્તિત્વ જોખમમાં આવી જશે.

# રશિયામાં ડેમ તૂટતાં ભયાનક પૂર ૬૩૦૦થી વધુ મકાનોને નુકશાન

મોસ્કો,

રશિયામાં ઉરાલ નદીમાં આવેલા પૂરને કારણે આસપાસના ગામોમાં પાણી ઘૂસી જતાં મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરોમાં ફસાયેલા હતાં. પાણીના વધારે પડતા દબાણને કારણે એક ડેમ પણ તૂટી ગયો છે. પ્રાંતીય સરકારે ઓસર્ક વિસ્તારમાંથી બે હજાર લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. આ વિસ્તાર કઝાકિસ્તાન સરહદે આવેલુ છે.

ઓર્સ્કના મેયર વેસિલી કોઝુપિત્સાના જણાવ્યા અનુસાર ૨૪૦૦થી વધુ રહેણાંક ઈમારતોમાં પાણી પ્રવેશી ગયું છે તથા અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો છે. બચાવ અને રાહત કામગીરી હજુ પણ ચાલુ છે. ડેમમાં પાણી ૯.૩ મીટર (૩૦.૫૧ ફૂટ)ની ઉંચાઇએ પહોંચી ગયું હતું. ઉરલ પર્વતીય વિસ્તારમાંથી ૪૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. ઓર્સ્કમાંથી બચાવવામાં આવેલા ૨૦૦૦ લોકોનો આ સંખ્યામાં સમાવેશ થયો છે કે નહીં તે સ્પષ્ટ થયું નથી.

ઉલ્લેખનીય છે કે ઉરલ નદીની લંબાઇ ૨૪૨૮ કિમી છે. રશિયાની ઈન્વેસ્ટિગેટીવ કમિટીએ ડેમ તૂટી જવાની ઘટના અંગે તપાસ શરૂ કરી દીધી છે.

# ભાજપ સરકારે તેના ૧૦ વર્ષમાં ૩૪ લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં મોકલ્યા : મોદી

**કોંગ્રેસે ક્યારેય ગરીબીની પરવા કરી નથી, તેની સમસ્યાઓ સમજી નથી કોંગ્રેસ પરિવારના ધનિક લોકો ક્યારેય મોંઘવારીનો અર્થ સમજી શક્યા નથી**

બસ્તર

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર માટે આજે છત્તીસગઢના બસ્તરમાં જાહેરસભાને સંબોધી હતી,આ દરમિયાન તેમણે કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા કહ્યું કે આઝાદી પછી દાયકાઓ સુધી કોંગ્રેસની સરકારોએ ગરીબોની જરૂરિયાતોને નજરઅંદાજ કરી. કોંગ્રેસે ક્યારેય ગરીબીની પરવા કરી નથી, તેની સમસ્યાઓ સમજી નથી. કોંગ્રેસ પરિવારના ધનિક લોકો ક્યારેય મોંઘવારીનો અર્થ સમજી શક્યા નથી. તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા લાખો કરોડ રૂપિયાના કૌભાંડો થતા હતા. કોંગ્રેસની સરકાર વખતે દિલ્હીમાંથી એક રૂપિયો નીકળતો હતો અને માત્ર ૧૫ પૈસા ગામડાઓમાં પહોંચતો હતો. વચ્ચે કોંગ્રેસે જ ૮૦ પૈસા લૂંટ્યા.

કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ વધુમાં કહ્યું કે મેં કોંગ્રેસની લૂંટની આ વ્યવસ્થા બંધ કરી છે. ભાજપ સરકારે તેના ૧૦ વર્ષમાં ૩૪ લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં મોકલ્યા છે. આઝાદી પછી કોંગ્રેસે વિચાર્યું કે તેની પાસે દેશને લૂંટવાનું લાયસન્સ છે. ૨૦૧૪માં સરકારમાં આવ્યા બાદ મોદીએ કોંગ્રેસને લૂંટવાનું લાયસન્સ રદ કર્યું છે. તેમણે આગળ કહ્યું, 'મોદીએ જ્યારે કૌભાંડીઓનો રસ્તો રોક્યો અને વચેટિયાઓની આવક બંધ કરી દીધી, ત્યારે તેમનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે. તેઓ મોદી પર નારાજ છે. આજે છત્તીસગઢમાં કોંગ્રેસના ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અહીંના યુવાનો સાથે છેતરપિંડી કરનારાઓની ઝડપી તપાસ કરવામાં આવી રહી છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને કહ્યું કે હવે ગુસ્સામાં તેઓ લાકડીઓ વડે મોદીનું માથું તોડી નાખવાની ધમકી આપી રહ્યા છે. મોદી ગરીબોના પુત્ર છે, તેઓ માથું ઉંચુ રાખીને ચાલે છે, હું તેમની ધમકીઓથી ડરતો નથી. મોદી માટે મારુ ભારત મારો પરિવાર છે. હું મારા દેશ અને મારા પરિવારને લૂંટફાટથી બચાવવામાં વ્યસ્ત છું.

# કાશ્મીરથી પાકિસ્તાન ભાગી ગયેલા ૩ આતંકવાદીઓની કરોડોની સંપત્તિ જપ્ત

શ્રીનગર

આતંકવાદ પર મજબૂત હુમલામાં, પોલીસે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં છુપાયેલા ત્રણ આતંકવાદીઓ પાસેથી કરોડો રૂપિયાની ૩૦ કનાલ ૧૫ મરલા જમીન જપ્ત કરી છે. ત્રણેય ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લાના રહેવાસી છે. ઉરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

તપાસ દરમિયાન, પોલીસને આ મિલકતો ગુનેગારો સાથે સંકળાયેલી હોવાનું જણાયું હતું. આ પછી ઉરી સબ જજે પ્રોપર્ટી જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. જે આતંકવાદીઓની મિલકતો જપ્ત કરવામાં આવી છે તેમાં મોહમ્મદ લતીફ નિવાસી સુલતાંદકી (૧૮ કનાલ અને ૬ મરલા), સદર દીન નિવાસી મડિયાન (૯ મરલા) અને અઝીઝ દીન નિવાસી સિંગતુંગ ગૌહાલન (૧૨ કનાલ)નો સમાવેશ થાય છે. ત્રણેયને અગાઉ ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે. તેઓ લાંબા સમય પહેલા કાશ્મીરમાંથી ભાગી ગયા છે અને પીઓજેકેમાં આશ્રય લીધો છે, અને ત્યાંથી આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવામાં સક્રિય છે.

જમ્મુ-કાશ્મીરમાં પોલીસ સતત આતંકવાદ પર હુમલા કરી રહી છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન પોલીસ અને અન્ય એજન્સીઓએ આતંકવાદીઓ અને અલગતાવાદીઓની ૧૭૦ કરોડ રૂપિયાની ૯૯ મિલકતો જપ્ત કરી હતી. તેમાં હુર્રિયતની શ્રીનગર ઓફિસ અને ટીઆરએફ આતંકવાદી બાસિત અહેમદ રેશીની ૯.૨૫ મરલા ખેતીની જમીન પણ સામેલ છે.




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૦૯-૦૪-૨૦૨૪, મંગળવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## તંત્રવાહકોએ ટસના મસ થયા વગર ૨૫ જેટલી લારીઓ કબ્જે લીધી

# મતવા ચોકમાં મ્યુ. દબાણ હટાવ કાફલા પર હલ્લાબોલ : ટેમ્પાના ડ્રાઈવર પર પથ્થર ફેંકાયો







તસવીર : મૌલીક સોની

## દબાણ હટાવ કાર્યવાહી રોકવા મહિલાઓને આગળ ધરી ટોળાશાહી કરાઈ, તંત્રના કાફલાને ઘેરી લઈ અપશબ્દો અને બદદુવાઓનો મારો ચલાવ્યો : એક કલાક સુધી ગરમાગરમી- પોલીસની પણ મદદ લેવી પડી

ભાવનગર, તા.૯

ભાવનગરમાં મહાપાલિકા તંત્ર દ્વારા આજે શહેરના વડવા કાછીયાવાડ-મતવાચોકમાં આડેધડ રીતે ઉભા રહેતા લારીધારકો સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી જેની સામે લારીધારકો અને પાથરણાવાળાઓએ ભારે વિરોધ દર્શાવી અને હલ્લાબોલ કરી તંત્રવાહકોને ઘેરી લીધા હતાં. લગભગ એક કલાક સુધી ગરમાગરમી ચાલી હતી. એક તબક્કે પોલીસની મદદ લેવી પડી હતી. ચોકમાંથી લારીઓ ઉઠાવી ટેમ્પામાં ભરી લઈ જવાતી હતી ત્યારે ટેમ્પાના ડ્રાઈવર પર પથ્થર ફેંકી એક મહિલાએ તેને ઈજા પણ પહોંચાડી હતી.

શહેરના વડવા કાછીયાવાડમાં અગાઉ પણ મ્યુ. તંત્રએ કડક કાર્યવાહી કરી હતી પરંતુ આ વખતે લારી ધારકોએ એકતા દેખાડી અને મ્યુ. તંત્રની કાર્યવાહીનો જબ્બર વિરોધ કર્યો હતો. મહિલાઓને આગળ ધરી ટોળાશાહી કરી તંત્રની કાર્યવાહી રોકવા ભરપુર પ્રયાસ થયા હતાં. તંત્ર વાહકોને કામગીરી કરતા રોકવા માટે મહિલાઓએ અપશબ્દો સાથે શ્રાપ આપવાનું શરૂ કર્યું હતું. પરંતુ મ્યુ. દબાણ હટાવ સેલ અને એસ્ટેટ ઓફીસરે ટસના મસ થયા વગર કાર્યવાહી ચાલુ રાખી હતી અને બે ટેમ્પા ભરી ૨૦ થી ૨૫ લારી, ૩ કાઉન્ટર અને અન્ય છુટક સામાન જપ્ત કર્યો હતો. આથી મહિલાઓએ ટેમ્પાની આડે ઉભા રહી જઈ રસ્તો રોકી લીધો હતો. આ વખતે ભારે ગરમા ગરમી થઈ હતી તેવામાં એક મહિલાએ મોટો પથ્થર ફેંકતા જે ટેમ્પાના ડ્રાઈવરને ખભે વાગતા ખભો છોલાઈ ગયો હતો આથી તંત્ર વાહકોએ પણ મિજાજ દેખાડી ટોળાને અટકી જવા ચેતવ્યું હતું અન્યથા કાયદેસરની કડક કાર્યવાહી કરવા ચિમકી આપતા આખરે કોર્પોરેશનના વાહન અને સ્ટાફને માંડ નિકળવા દેવાયા હતાં.

# સિક્કો આપવાના બહાને ઘરમાં બોલાવી પોણા પાંચ વર્ષની માસુમ બાળા પર દુષ્કર્મ ગુજારનારને ૨૦ વર્ષની સખ્ત કેદ

## હાદાનગર વિસ્તારના દોઢ વર્ષ પૂર્વેના બનાવનાં કેસમાં ભાવનગરનાં ત્રીજા એડીશ્નલ એન્ડ સેશન્સ જજ પ્રજાપતિનો ચુકાદો : ભોગ બનનારને રૂપીયા ૩ લાખનું વળતર ચુકવવા આદેશ

ભાવનગર,તા.૯

શહેરના હાદાનગર વિસ્તારમાં દોઢેક વર્ષ પૂર્વે માસુમ બાળાને સિક્કો આપવાના બહાને ઘરમાં બોલાવી અડપલા કરી દુષ્કર્મ ગુજારનાર શખ્સને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ભાવનગરના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજે ફટકારી હતી. જયારે ભોગ બનનારને રૂપીયા ૩ લાખનું વળતર ચુકવવાનો આદેશ પણ કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ મુળ આણંદ જિલ્લાના વલ્લભ વિદ્યાનગર તાલુકાના ભાખરોલ ગામના અને હાલ શહેરના હાદાનગર વિસ્તારમાં ગોપાલનગરમાં રહેતા રૂકેશ ઉર્ફે પ્રેમ વજા ઉર્ફે વજેસિંગભાઈ ગામાઈ નામના શખ્સે દોઢેક વર્ષ પૂર્વે ગત તા.૨૨-૧૧-૨૦૨૨ના રોજ તેના ઘર પાસે રમતી પોણાપાંચ વર્ષની (૪ વર્ષ ૧૦ માસ)માસુમ બાળાને સાદ પાડી બોલાવી કહેલ અહી આવ તને સિક્કો આપું આથી બાળા તેની પાસે જતા તેને સિક્કો આપી પોતાના ઘરમાં લઈ જઈ દરવાજો બંધ કરી માસુમ બાળા સાથે અડપલા કરી દુષ્કર્મ ગુજાર્યુ હતું. આ અંગેની જે તે સમયે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રૂકેશ ઉર્ફે પ્રેમ સામે આઈપીસી ૩૭૬(એ-બી), પોકસો ૪, ૬ મુજબ ગુન્હો નોંધી ધરપકડ કરી હતી.

આ બનાવ અંગેનો કેસ ભાવનગર કોર્ટના ત્રીજા એડીશ્નલ અન્ડ સેશન્સ જજ પ્રજાપતીની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ જે.એ. પંડયાની દલીલો ૩૩ દસ્તાવેજી પુરાવા તેમજ મૌખીક પુરાવાઓ સહિત ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી રૂકેશ ઉર્ફે પ્રેમને કસુરવાર ઠેરવી પોક્સો એક્ટ તળે ૨૦ વર્ષની આકરી સજા ફટકારી હતી. આ ઉપરાંત ભોગ બનનારને રૂપીયા ત્રણ લાખનું વળતર આપવા પણ હુકમ કર્યો હતો.

# ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ

બેસતા મહિનાની શરૂઆત સાથે જ આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. વર્ષ દરમિયાન આવતી ચાર નવરાત્રીઓ પૈકીની એક ચૈત્રી નવરાત્રીના પ્રારંભ સાથે શહેરના વિવિધ દેવી મંદિરોમાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ચૈત્રી નવરાત્રીના પ્રારંભ સાથે માઈ ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે.




તસવીર : મૌલીક સોની

# રે કળીયુગ..! પુત્રએ માતા, પિતાને ધોકાના ઘા ફટકાર્યા

ભાવનગર,તા.૯

વરતેજમાં કળીયુગી પુત્રએ માતા અને પિતાને ધોકાના ઘા ફટકાર્યા હોવાનો બનાવ પોલીસના ચોપડે નોંધાયો છે. શામપરા (ખોડીયાર) ગામે રહેતા નિમુબેન ટીડાભાઈ રાભડીયાએ વરતેજ પોલીસ મથકમાં તેના દિકરા ભરત ટીડાભાઈ રાફડીયા સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગત રાત્રીના તેના દિકરા ભરતે જમવાનું બનાવવા બાબતે તેઓ સાથે માથાકુટ કરતા તેના પતિ ટીડાભાઈ અરજણભાઈએ દિકરા ભરતને ઠપકો આપતા ભરતે અપશબ્દો આપતા તેને અપશબ્દો આપવાની ના પાડતા ઉશ્કેરાઈ ભરતે તેઓ અને તેના પતિને લાકડાના ધોકા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવ સંદર્ભે વરતેજ પોલીસે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહારાષ્ટ્રીયનો દ્વારા ગુડીપડવાની ઉજવણી



હિન્દુ નવા વર્ષની ઉજવણી સાથે આજે ચૈત્ર માસના પ્રારંભે મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા ગુડી પડવાની ઉજવણી કરવામાં આવે છે. ભાવનગર શહેર અને જિલ્લામાં અનેક મહારાષ્ટ્રીયન પરિવારો રહે છે તેઓ દ્વારા આજે તેમના ઘરે પૂજન અર્ચન કરી એકબીજાને શુભેચ્છા પાઠવી ગુડી પડવાની ઉજવણી કરવામાં આવી હતી.

# ક્ષત્રિય આગેવાનોની ગતિવિધિ પર નજર રાખવા આઈબીને સૂચના

## વડાપ્રધાન મોદી અને અમિત શાહ દ્વારા જ કોઈ સમાધાનકારી માર્ગ લેવાય એવી પ્રબળ શક્યતા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૦૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાને પડતાં મૂકવાની માગણી સાથે ક્ષત્રિય સમાજનો રોષ હવે રાજ્યવ્યાપી બની ગયો છે અને હજુ પણ આ મુદ્દે કોઇ નિર્ણાયક દરમિયાનગીરી નહીં થાય તો ક્રમશઃ આ રોષ દેશના અન્ય રાજ્યોમાં પ્રસરી જાય એવી આશંકા સેવાઈ રહી છે. ત્યારે ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા જ કોઈ સમાધાનકારી માર્ગ લેવાય એવી પ્રબળ શક્યતા છે. મંગળવારે ચૈત્ર મહિનાની નવરાત્રીનો આરંભ થઈ રહ્યો છે અને મા ભવાની, જગદંબામાં આસ્થા ધરાવતા વડાપ્રધાન મોદી ચૈત્ર મહિનાની નવરાત્રીમાં પણ નક્કોરડા ઉપવાસ કરતા હોય છે. ક્ષત્રિયો પણ મા ભવાનીના પૂજકો રહ્યા છે ત્યારે આ મામલે કેવો ઉકેલ આવે છે એ જોવાનુ રહેશે. એક પખવાડિયા પૂર્વે રાજકોટ ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ બિન રાજકીય કાર્યક્રમમાં કરેલી ક્ષત્રિય સમાજ અંગેની ટિપ્પણી હવે ભાજપની ચૂંટણી તૈયારીઓ પર અસર કરી રહી છે. ક્ષત્રિય સમાજના આગેવાનોએ પોતાના યુવાઓ, મહિલાઓને શાંતિપૂર્ણ રીતે જ આંદોલન, દેખાવો અને બાકીના કાર્યક્રમો કરવા માટે વારંવાર વિનંતી કરી છે, પરંતુ ઘણે ઠેકાણે હવે પરિસ્થિતિ આ નેતાઓના હાથ બહાર જતી રહી હોય એવા કિસ્સાઓ ચૂંટણીના માહોલને કોઈપણ ગંભીર વળાંક લાવી દે એવા બની રહ્યા છે. ખાસ કરીને શનિવારે જામખંભાળિયામાં બનેલી ઘટના એ હાલ પ્રવર્તતા માહોલમાં ભલે સામાન્ય જણાય, પરંતુ ભવિષ્યમાં જયારે રાજ્યમાં રાષ્ટ્રીય નેતાઓ, એમાંય વડાપ્રધાન કે ગૃહમંત્રી અથવા અન્ય મહાનુભાવોના પ્રવાસ વખતે આવી ઘટના બને તો પ્રચારનો મુદ્દો બાજુમાં જતો રહે અને દેખાવોની ઘટનાઓ પ્રચાર માધ્યમોમાં કેન્દ્ર સ્થાને બની રહે એ ચિંતા ભાજપ નેતાગીરીને પજવી રહી છે. ત્રણ દિવસમાં નાના નાના ગામો, નગરોમાં એકાએક રોડ, હાઈવે પર ટ્રાફિક રોકીને વિરોધ કરવાની છૂટીછવાઈ પાંચથી વધુ ઘટના બની છે. આ સ્થિતિના આકલન માટે રવિવારે બપોરે બે વાગ્યાથી ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નિવાસસ્થાને એક બેઠક મળી હતી.

# સૌરાષ્ટ્રમાં ચૂંટણી સુધી તણાવ રહેવાની ભીતિઃ ક્ષત્રિયોના ઉગ્ર વિરોધ વચ્ચે ૧૬મીએ રૂપાલા ઉમેદવારી નોંધાવશે

## રૂપાલા ફોર્મ ભરે ત્યારે જલદ્ કાર્યક્રમોની ચેતવણીના પગલે ચૂસ્ત સુરક્ષા રખાશે

રાજકોટ, તા.૯

રાજકોટમાં મહારેલી, ધંધુકામાં મહાસંમેલન, ખંભાળિયામાં પાટિલના કાર્યક્રમમાં અને થાનગઢની ભાજપની સભામાં તોડફોડ અને હંગામો, અનેક ગામોમાં ભાજપને પ્રવેશબંધી વગેરે સિલસિલાબંધ ઘટનાઓથી ક્ષત્રિયો ઝૂકવાના મુડમાં નથી અને રોષ વધતો જાય છે ત્યારે રાજકોટ બેઠક પરથી પુરૂષોત્તમ રૂપાલાની ઉમેદવારી ભાજપે યથાવત્ રાખી છે અને શહેર ભાજપના સૂત્રો અનુસાર આગામી તા. ૧૬ એપ્રિલે મંગળવારે બપોરે ૧૨.૩૯ વાગ્યે તેઓ રાજકોટ કલેક્ટર ઓફિસે જઈને ઉમેદવારી નોંધાવશે.એક તરફ રૂપાલા સામે ક્ષત્રિય આંદોલન મુદ્દે પ્રદેશ ભાજપના પ્રયાસો સફળ થયા નથી, જયરાજસિંહ મારફત ક્ષત્રિયો સાથે સમાધાનના પ્રયાસો પછી તો ઉલ્ટો રોષ વધ્યો છે ત્યારે હવે મામલો હવે દિલ્હી વડાપ્રધાનને ત્યાં પહોંચ્યો છે ત્યારે બીજી તરફ રૂપાલા યથાવત્ જ રહેશે તેવા વિશ્વાસ સાથે રાજકોટમાં ઉમેદવારી નોંધાવવા અને તે દિવસે બહુમાળી ભવન પાસે જંગી સંખ્યામાં મેદની ભેગી કરવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખુદ રૂપાલાએ આ માટે રાજકોટમાં અને ગઈકાલે સુરત સહિતના સ્થળે જઈને સમર્થકોને ફોર્મ ભરતી વખતે આવવા આમંત્રણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયભરની લોકસભા બેઠકો પર તા. ૧૨થી ઉમેદવારી ફોર્મ સ્વીકારવાનું શરૂ થશે અને તા.૧૯ સુધી ફોર્મ સ્વીકારાશે. રાજકોટમાં ક્ષત્રિયોએ પણ વિરોધના ભાગરૂપે ઉમેદવારી નોંધાવવા જાહેરાતો કરી છે. ક્ષત્રિયોની તાજેતરમાં મળેલી સંકલન બેઠક બાદ રૂપાલા ફોર્મ ભરે તે દિવસે જલદ્ કાર્યક્રમોની ચિમકી ઉચ્ચારાઈ હતી જેના પગલે આ વખતે ઉમેદવારી નોંધાવતી વખતે રાજકોટમાં જડબેસલાખ સુરક્ષા બંદોબસ્ત ગોઠવાશે. આજે રૂપાલા ચેન્નાઈ,તમિલનાડુ પ્રવાસે ગયા છે અને તા. ૧૦ના તેઓ રાજકોટ આવશે અને પ્રચાર જારી રાખશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યું છે. એકંદરે ભાજપ ઉમેદવાર બદલવા ઈચ્છુક નથી અને ક્ષત્રિયો તે વગર કોઈ પણ સમાધાન કરવાના મુડમાં નથી ત્યારે આગામી તા. ૭ મેના યોજાનાર ચૂટણી સુધી સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ વિરોધ,વિવાદ,હંગામા જેવી તણાવભરી સ્થિતિની આશંકા પણ સેવાઈ રહી છે.